વિકલાંગોના પુનઃસ્થાપનની
પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી

જુન-૨૦૧૬,
અંક નં. ૪૨



શ્રવણમંદોને અનાજ વિતરણ

આશા

શ્રીમતી જ્યોતિબેન દલાલ
વિકલાંગ મહિલા
સશક્તિકરણ યોજના

શ્રવણમંદોનો
કચ્છ પ્રવાસ

શાન્તુ

સક્ષમ ભાવનગર અંતર્ગત એવોર્ડ
મેળવતા શ્રી જિજ્ઞાબહેન શાહ

SBI દ્વારા મેડિકલ વાન અર્પણવિધિ

PNR દ્વારા ચશ્મા વિતરણ

હવે આપ વેબસાઇટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઇ શકો છો

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly

વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં S.S.C. માં કુલ ૩૨ વિદ્યાર્થીઓએ તથા H.S.C. માં કુલ ૧૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ. જેમાંથી S.S.C. નું ૯૬.૮૭% પરિણામ આવેલ છે. S.S.C. તથા H.S.C. ના તેજસ્વી તારલાઓ નીચે મુજબ છે.

## શ્રવણમંદ તેજસ્વી તારલાઓ



જયેશ પી. ગજેરા
HSC, First-54.84 Pt.



વીણા એસ. ગોદવાણી
HSC, Second-39.78



લલીત આર. ઢેઢી
HSC, Third-36.17 Pt.



ભારતી એસ. સોલંકી
SSC, First-57.40 %



મંથન જી. પરમાર
SSC, Second-56.80



હર્ષિલ કે. ભૂવા
SSC, Third-56.00 %

## શ્રી નટવરભાઈ દેસાઈનું રોટરી ક્લબ ઓફ મુંબઈ સાઉથ દ્વારા સન્માન




## બહેરાં મૂંગા શાળામાં યોજાયેલ સી. આર. ઈ. પ્રોગ્રામ



# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . ૦૪
- માતાઓના મુખેથી : બીજી આવૃત્તિ વેળા . . . . . . . . ૦૫
- શ્રવણમંદોના તાલિમ પામેલા સ્વજનો અને ઈન્ટીગ્રેટ થયેલાં બાળકો. . . . ૦૬
- વીલ-વસિયતનામું . . . . . . . . . ૦૭
- હૃદય અને એની વ્યાધિઓ . . . . . ૦૮
- શુભેચ્છા . . . . . . . . . . . . . . ૦૮
- પ્રતિભાવ . . . . . . . . . . . . . . ૦૯
- પ્રેરક વ્યક્તિત્વ . . . . . . . . . . ૦૯
- કેસ સ્ટડી. . . . . . . . . . . . . . ૦૯
- લાઈબ્રેરી કોર્નર . . . . . . . . . . . ૧૦
- જન્મદિવસની ઉજવણી . . . . . . . ૧૧
- પાર્કિન્સન્સ ડે ની ઉજવણી . . . . . ૧૧
- શ્રી નટવરભાઈ દેસાઈનું અભિવાદન ૧૨
- હોળી-ધૂળેટીની ઉજવણી . . . . . . ૧૨
- કાવ્ય - 'માં' . . . . . . . . . . . ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૪
- યુનિ. એ.સી.માં શ્રીઆનંદભાઈ શાહની નિયુક્તિ . . . . . . . . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૧૯
- શ્રી ખેવનાબહેન ઓઝાને અભિનંદન ૨૦
- પી.એન.આર. દ્વારા ઈનામ વિતરણ. ૨૦
- અપીલ - અપીલનો પ્રતિસાદ . . . . ૨૧
- મહેફિલ . . . . . . . . . . . . . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૨
- શ્રી ચેતનાબહેનને અભિનંદન . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના

ભારતમાં વર્ષોથી વિકલાંગ મહિલાઓ પરાવલંબી જીવન જીવતી હતી. પરંતુ ૧૯૯૫ના વિકલાંગ ધારા મુજબ, તેમને રોજગારના ક્ષેત્રે સમાન તક મળે અને આર્થિક રીતે પગભર બને તે માટે વિવિધ યોજનાઓ સરકારશ્રીએ અમલમાં મુકી, સારો પ્રયત્ન થયો છે. વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે દેશમાં ૧૩ લાખ મહિલાઓ વિકલાંગ દર્શાવાય છે, તેમની આર્થિક ઉન્નતિ માટે, રોજગાર અને પુનઃસ્થાપન માટે તેઓને ખાસ શિક્ષણ, વ્યવસાયિક તાલિમ અને સગવડો આપવી જરૂરી છે, સાથો-સાથ સમાજમાં જાગૃતતા લાવી, ભેદભાવયુકત વલણ પણ બદલવું પડશે.


આ ક્ષેત્રે સરકાર અને અનેક એન.જી.ઓ. સક્રિય કાર્ય કરી રહી છે, તેમાં આપણી પી.એન.આર. સોસાયટીએ ભાવનગર જિલ્લા માટે ચાલુ વર્ષે, **"શ્રીમતી જ્યોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના"** શરૂ કરી છે, તેનો વિસ્તૃત અહેવાલ આ અંકમાં આપેલ છે.

✍ **કિરીટ રાઠોડ**

Being good is easy,
What is difficult is being just.
**- Victor Hugo**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૪૨**
  જુન - ૨૦૧૬
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ફેક્સ : (૦૨૭૮) ૨૪૩૧૧૬૦
  **E-mail :** pnr.society@gmail.com
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ટ્રેડર્સ, અમદાવાદ.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૧૦૦૦, વાર્ષિક રૂ. ૧૦૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **વૈશાલી યોગી**
  **વિશ્વા ભટ્ટ**
  **શશીકાંત વડિયા**
  **આરિફ જેઠવા**
  **નીતા રૈયા**
  **હિના મહેતા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**
- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE

## Smt. Jyotiben Dalal Empowerment of Disabled (Divyang) Women Project has been launched

K. D. PADIA



**01)** 7th April, 2016 was a big day for PNR Society and its associated institutions. This was the day when their founder and visionary **Shri Anant K. Shah** (Bababhai) entered 82nd year. It was celebrated by screening a video and poetry on his life and presenting sweets in the traditional manner. Shri Bababhai in his reply to the felicitations said that his mission was empathy – driven and success is due to dedication of Trustees, Teachers, Volunteers and staff and wished continued successive milestones in the field.

**02)** **Smt. Jyotiben Dalal Empowerment of Disabled (Divyang) Women Project** has been launched. Under this project the disabled women are supported to run business of their choice. The support includes training, guidance in procurement of machine and appliances, assistance in marketing, accounting, etc. fully free.

**03)** **Prevention Department's accomplishments** during April – May, 2016 have been

**Rubella Vaccination :** (For preventing birth of a disabled child) 8219 (56 schools & community).

**Deafness & Blindness Prevention (Checkup) :** 14,085 753 identified for visual impairedness and powered spectacles were distributed to correct the defect. 21 Children were rendered free ear surgery to rectify hearing impairedness.

**Free Plastic Surgery :** Total beneficiary 23 (11 cleft-lip, 9 cleft-palate and and 3 – hypospadia).

This programme is run with funding from **Impact Foundation (U.K.)** and **The Dalal Family Foundation, (U.S.A.)**.

**04)** **Shri Natvarbhai Desai,** Chairman, PNR Society was felicitated by Rotary Club of Mumbai (South) and was presented with '**Vocational Excellence Award**' for his 40 years long innings of social service.

**05)** **K. L. Institute for the Deaf** organized **'Continuous Rehabilitation Education (CRE)'** during 1-06-2016 to 3-06-2016. Special Educators from Gujarat, Maharashtra and Rajasthan attended the CRE. The participants were happy to express that they were benefitted greatly.

**06)** On digitization front the librarian of the K. L. Institute Smt. Chetana G. Mulani successfully completed training for digitization of library collection and very soon the access to resources of the library will be easy and quick.

**07)** Free diagnostic camp was organized at Nuclear Power Corporation (Mithivirdi) in which 162 children were provided hearing aids.

**08)** Students of the **K. L. Institute for the Deaf** undertook tour to Kutchchh region of Gujarat. It was an exposure to these students to sight-seeing places and their history.

**09)** **The State Bank of India** donated Medical Van to the K. L. Institute for the Deaf on 7 May, 2016.

**10)** **'Akhil Gujarat Behra – Munga Shala Sanchalak Mandal'** (All Gujarat Deaf School Heads Association) was established to present problems of the Deaf to the regulatory agencies. **Shri Ashwin Pandya,** Hon. Secretary of K. L. Institute for the Deaf was elected as Vice President of the Association.

**11)** **'World Autism Day'** was celebrated on 2nd April, 2016 in the Nataraj C.P. School. The C. P. Children presented **'Fusion Folk'** on this Day and impressed the audience.

**12)** **Parkinson's Day** was celebrated on 11th April, 2016. The Parkinson's patients of Bhavnagar were taken to nearby places by the B. K. Parekh Parkinson's Support Group run by the PNR Society.

**13)** The students (23) of **'Ankur' School for Mentally Retarded Children** undertook tour to Mumbai during 3 Feb. 2016 to 7 Feb. 2016. These children also visited Gandhinagar (3 March 2016) and Rangoli Hotel, Vartej (7 April-16). A meeting of guardians of these children was organized on 23 April-16 where they were given progress reports of their children.

**14)** News about special Helpline for Divyangs, Universal ID for Divyangs, opinions of readers, heart-rending poems, case-study, increase in monetary assistance to Divyangs, activity of Resource Centers, inspiring personality, list of donors' etc. are carried in this issue.

# "માતાઓના મુખેથી" - બીજી આવૃત્તિ વેળા



**તમારા શ્રવણમંદ બાળકમાં શ્રદ્ધા રાખો, વિશ્વાસ રાખો અને બીજા કોઈપણ બાળક સાથે ભૂલથી પણ સરખામણી ન કરો.**

✍ ચેતનાબહેન કોઠારી

આપ સૌનું આ પુસ્તિકામાં સ્વાગત છે. આ પુસ્તિકા તમારા હાથમાંઆવશે ત્યારે તમે તમારા બધિર બાળક સાથે ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહયા હશો પણ તમારી આ બધી સમસ્યાઓનો ઉકેલ આ પુસ્તિકા દ્વારા મળી જશે.

આ પુસ્તિકાનો મુખ્ય હેતુ શ્રવણમંદ વાલીઓને પ્રોત્સાહન આપવાનું છે. સફળ વાલીઓની સંઘર્ષગાથા વાંચી તમને લાગશે કે આ બધું જ મારી સાથે થઈ રહયું છે, પણ જેમ–જેમ તમે આ પુસ્તિકાની એક–એક ગાથા વાંચતા જશો તેમ તમારી ઘણી બધી સમસ્યાઓનાંઉકેલ મળતા જણાશે. સાથે–સાથે તમારામાં આત્મવિશ્વાસ પણ આવશે કે, "હું પણ મારા બાળકનો વિકાસ કરી કાંઈક બનાવી શકીશ" તમને આ પુસ્તક વાંચીને ચોકકસ રસ્તો મળશે તેવી મને આશા છે.

કોઈપણ કુટુંબમાં બાળકનો જન્મ થાય છે તે જ ક્ષણે માતા–પિતાનો પણ જન્મ થાય છે અને નવજાત શિશુ (પોતાના બાળકનો)નો ઉછેર કરવામાં માતા–પિતા આપોઆપ કાર્યરત થઈ જાય છે. પરંતુ જયારે કુટુંબમાં જે ક્ષણે પોતાનું બાળક શ્રવણમંદ છે, તેની જાણ થતાની ક્ષણે શ્રવણમંદ બાળકનાં વાલીનો જન્મ થતો નથી, તે સમયે તેને શ્રવણમંદ બાળકના સફળ વાલી થવામાં આ સંસ્થા સહાયરૂપ બને છે.




આ સંસ્થામાં શ્રવણમંદ બાળકના જન્મથી તે પોતે આર્થિક–સામાજિક રીતે પગભર થાય ત્યાં સુધીની સવલતો ઉભી કરવામાં આવી છે.

સંસ્થામાં ૩ મહિનાનો મધર ટ્રેનિંગ પ્રોગ્રામનો કોર્સ ચાલે છે. જે કોર્સમાં વાલીને પોતાના બાળકનો શ્રેષ્ઠ ઉછેર કરી શકે તે માટેની વિશિષ્ટ તાલીમ આપવામાં આવે છે. જેમાં આ બાળકનાં વર્તન સંબંધી, શિક્ષણ સંબંધી, ભાષા અને વાણી સંબંધી માર્ગદર્શન આપવામાં આવે છે.

આ કોર્સ કરીને જાય તે વાલીઓને અમે યુનિવર્સિટી કે આર.સી.આઈ.નું પ્રમાણપત્ર આપતા નથી પણ આ વાલીઓ પોતાના બાળકનો ભાષા અને વાણી વિકાસ શ્રેષ્ઠ કરી શકે તે જ સંસ્થા તથા વાલીનું સાચું પ્રમાણપત્ર છે.

બહારગામથી આવતા વાલીઓ આ સંસ્થામાં ટ્રેનિંગ લઈ રહયા હોય છે. ત્યારે આ સંસ્થાનાં ગેસ્ટ હાઉસમાં તેમને રહેવાની સુરક્ષિત સગવડ અપાય છે. સાથે–સાથે શાળાનાં શિક્ષકો તરફથી ભરપૂર માર્ગદર્શન મળે છે અને બાળકને તેની શ્રવણમંદતાને અનુરૂપ હિઅરિંગ એઈડસ પણ આપવામાં આવે છે. વાણી માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

તમારા કુટુંબમાં શ્રવણમંદ બાળક હોય તેમના કુટુંબના દરેક સભ્યના કેન્દ્રમાં આ બાળક હોવું જોઈએ. તમારા શ્રવણમંદ બાળકમાં શ્રદ્ધા રાખો, વિશ્વાસ રાખો અને બીજા કોઈપણ બાળક સાથે ભૂલથી પણ સરખામણી ન કરો.

શ્રવણમંદ બાળકમાં પણ અન્ય બાળકની જેમ જ ભરપૂર ચૈતન્ય છે, તેનામાં ઘણી બધી ક્ષમતાઓ પડેલી છે. તેની ક્ષમતાને પારખીને તેને ખીલવવાનું મહત્વનું કાર્ય તેના વાલીએ કરવાનું છે.

તમારા ચહેરા પરની નિરાશા અને અવિશ્વાસની અસર આપના બાળકના વિકાસ પર પડે છે.

**"If you want something in life, whole universe conspires in helping you to achieve it. "**

**તમારા બાળક માટેના દરેક સપનાઓ સાચા પડાવવામાં બ્રહ્માંડનો એક–એક કણ પણ તમને મદદરૂપ થશે, તેવી આશા સાથે....**

કઈ જીત બાકી હૈ, કઈ હાર બાકી હૈ, અભી તો જિંદગી કા સાર બાકી હૈ,
યહાં સે ચલે હૈ નયી મંઝિલ કે લિએ, સાથ હમારે કાફિલા કે. એલ. કા હૈ.
અભી તો કઈ નયે–નયે શિખર સર કરને બાકી હૈ.

# "માતાઓના મુખેથી" - શ્રવણમંદોનાં તાલિમ પામેલા સ્વજનો અને ઈન્ટીગ્રેટ થયેલાં બાળકો


| ક્રમ નં. | ઈ.સ. વર્ષ | તાલિમ પામેલા સ્વજનો | ઈન્ટીગ્રેટ થયેલાં બાળકો |
|---|---|---|---|
| ૦૧ | ૧૯૮૧-૧૯૮૨ | ૦૧ | ૦૦ |
| ૦૨ | ૧૯૮૨-૧૯૮૩ | ૦૦ | ૦૦ |
| ૦૩ | ૧૯૮૩-૧૯૮૪ | ૦૮ | ૦૬ |
| ૦૪ | ૧૯૮૪-૧૯૮૫ | ૧૧ | ૦૯ |
| ૦૫ | ૧૯૮૫-૧૯૮૬ | ૦૯ | ૦૪ |
| ૦૬ | ૧૯૮૬-૧૯૮૭ | ૦૨ | ૦૧ |
| ૦૭ | ૧૯૮૭-૧૯૮૮ | ૦૯ | ૦૫ |
| ૦૮ | ૧૯૮૮-૧૯૮૯ | ૦૦ | ૦૦ |
| ૦૯ | ૧૯૮૯-૧૯૯૦ | ૨૧ | ૧૨ |
| ૧૦ | ૧૯૯૦-૧૯૯૧ | ૦૭ | ૦૭ |
| ૧૧ | ૧૯૯૧-૧૯૯૨ | ૦૮ | ૦૫ |
| ૧૨ | ૧૯૯૨-૧૯૯૩ | ૦૦ | ૦૦ |
| ૧૩ | ૧૯૯૩-૧૯૯૪ | ૦૧ | ૦૧ |
| ૧૪ | ૧૯૯૪-૧૯૯૫ | ૦૦ | ૦૦ |
| ૧૫ | ૧૯૯૫-૧૯૯૬ | ૦૮ | ૦૨ |
| ૧૬ | ૧૯૯૬-૧૯૯૭ | ૦૪ | ૦૪ |
| ૧૭ | ૧૯૯૭-૧૯૯૮ | ૧૦ | ૦૫ |
| ૧૮ | ૧૯૯૮-૧૯૯૯ | ૦૩ | ૦૩ |
| ૧૯ | ૧૯૯૯-૨૦૦૦ | ૧૨ | ૦૬ |
| ૨૦ | ૨૦૦૦-૨૦૦૧ | ૦૪ | ૦૩ |
| ૨૧ | ૨૦૦૧-૨૦૦૨ | ૦૫ | ૦૩ |
| ૨૨ | ૨૦૦૨-૨૦૦૩ | ૦૬ | ૦૬ |
| ૨૩ | ૨૦૦૩-૨૦૦૪ | ૦૬ | ૦૨ |
| ૨૪ | ૨૦૦૪-૨૦૦૫ | ૦૪ | ૦૩ |
| ૨૫ | ૨૦૦૫-૨૦૦૬ | ૦૪ | ૦૩ |
| ૨૬ | ૨૦૦૬-૨૦૦૭ | ૦૪ | ૦૩ |
| ૨૭ | ૨૦૦૭-૨૦૦૮ | ૦૪ | ૦૩ |
| ૨૮ | ૨૦૦૮-૨૦૦૯ | ૦૩ | ૦૩ |
| ૨૯ | ૨૦૦૯-૨૦૧૦ | ૦૯ | ૦૩ |
| ૩૦ | ૨૦૧૦-૨૦૧૧ | ૦૨ | ૦૦ |
| ૩૧ | ૨૦૧૧-૨૦૧૨ | ૦૬ | ૦૩ |
| ૩૨ | ૨૦૧૨-૨૦૧૩ | ૦૪ | ૦૧ |
| ૩૩ | ૨૦૧૩-૨૦૧૪ | ૦૭ | ૦૨ |
| ૩૪ | ૨૦૧૪-૨૦૧૫ | ૦૫ | ૦૨ |
| કુલ સંખ્યા | | ૧૮૪ | ૧૩૫ |

## શ્રવણમંદતા

ભાષા અને વાણી શીખવા માટે પ્રથમ સાંભળવું જરૂરી છે. બાળક પહેલાં ભાષા સાંભળે છે. પછી તે બોલે છે. જ્યારે શ્રવણમંદ બાળક તો ભાષા શીખવાના મુખ્ય સ્ત્રોતથી જ વંચિત રહી જાય છે.

શ્રવણમંદ બાળક વાતચીતની આપ-લે કરી ન શકવાને કારણે થોડું અલગ પડી જાય છે. કોઈ પણ ક્ષેત્રમાં વિકાસ સાધવા માટેનો મુખ્ય આધાર ભાષા જ છે. જેના અભાવથી બાળક તેજસ્વી અને હોંશિયાર હોવા છતાં ઘણી વાર સમાજમાં અલગ પડી જાય છે.

પરંતુ આવા બાળકની માતા અને તેનું કુટુંબ જો પૂરતાં સજાગ હોય અને પ્રયત્ન કરે તો આ બાળકનો ભાષા અને વાણી વિકાસ સારો થાય છે. અન્ય ક્ષેત્રમાં સમધારણ બાળક કરતાં પણ આગળ નીકળી જાય છે.



ચિ. ફોરમ તેના માતા - પિતા સાથે

**(ગત અંકનું બાકી વીલ-વસિયતનામુ લેખ ચાલુ)**
'કોડીસીલ' તૈયાર કરવા માટે 'વીલ' બનાવવા સંબંધી નીચેના મુદ્દાઓ ખ્યાલમાં રાખવા જોઈએ. 'કોડીસીલ' બનાવવામાં આવ્યું હોય. તો તેને 'વીલ' સાથે જ રાખવું સલાહભર્યું ગણાય. વસિયતકારે બનાવેલ 'વીલ' તેમજ 'કોડીસીલ' ની 'ઓરિજીનલ' (અસલ દસ્તાવેજ) વ્યવસ્થિત અને સુરક્ષિત સ્થળે મૂકી, તેની જાણ પોતાના કુટુંબ કે નિકટના મિત્રોને કરવી જોઈએ. આ ઉપરાંત બંધ કવરમાં 'વીલ, તેમજ કોડીસીલ'ની નકલો. વીલ હેઠળ નીમવામાં આવેલ. 'એકિઝકયુટર્સ' યાને વહીવટકર્તાઓને આપી શકાય તેમ હોય, તો તે વ્યવહારિક સંદર્ભમાં સલાહભર્યું બની રહે. વસિયત થી મળેલ મિલ્કત સ્વપાર્જિત ગણાય, સકસેશન એકટ પ્રમાણે મળેલ મિલ્કતો વડિલોપાર્જિત કહેવાય. વસિયતકર્તાએ, બે નંબરના નાણાંમાંથી મિલકત ઉભી કરી હોય, તે મિલકત વસીયત દ્વારા વારસામાં મળે, તો તે કાયદેસર ગણાય છે.

મરનાર સ્ત્રી કે પુરૂષને કોઈ વારસદાર ન હોય, ત્યારે મરનારની તમામ મિલકત સરકારને પ્રાપ્ત થાય છે એટલે કે ખાલસા થાય છે. વીલ હેઠળ 'ડિસ્ક્રીશનરી ટ્રસ્ટ' ની રચના પણ કરી શકાય છે.

## વસિયતનામું બનાવતી વખતે શું ખ્યાલમાં રાખશો ?

કોઈપણ વ્યકિત માટે પોતાનું વીલ કે વસિયતનામું બનાવવું સરળ છે. વસિયતનામું બનાવવાના સંદર્ભમાં નીચે જણાવેલ મુદ્દા ધ્યાનમાં રાખવા જેવા છે :

૧. વસિયતનામું સાદા કાગળ ઉપર કરી શકાય છે અને તે માટે કોઈ 'સ્ટેમ્પ પેપર' કે 'લીગલ પેપર' ની જરૂર નથી.

૨. વસિયતનામું તૈયાર કરવા માટે કોઈ કાયદાકીય ભાષાના પ્રયોગની જરૂર નથી. વસિયતનામું બનાવનાર વ્યકિતની ઈચ્છા, સ્પષ્ટ અને સમજી શકાય તેવી સાદી અને સરળ ભાષામાં રજુ કરવામાં આવે, તે ઈચ્છનીય છે. વીલમાં દરેક બાબતોની સ્પષ્ટ છણાવટ હોવી જોઈએ.

૩. વસિયતનામું તૈયાર કરવા સંબંધી સૌથી મહત્વની બાબત એ છે કે વસિયતનામાના અંતમાં, વસિયત કરનાર વ્યકિતએ (વસિયતકારે) 'એટેસ્ટેશન' સ્વરૂપે બે સાક્ષીઓએ સહી કરતી વખતે, વસિયતનામાની વિગતો જાણવી કે વાંચવી જરૂરી નથી. વસિયતનામા હેઠળ જેને લાભ મળવાનો હોય, તેવી વ્યકિતની સાક્ષી તરીકે સહી લેવી ન જોઈએ.

૪. વસિયતકાર, વસિયતનામાના દરેક પાનાની નીચે પોતાની સહી કરે તે સલાહભર્યું છે. આ ઉપરાંત જો વસિયતનામામાં સુધારા-વધારા કે છેકછાક કરવામાં આવે, તો આવા સ્થળે અથવા સામે માર્જિનમાં વસિયતકાર તેમજ સાક્ષીઓએ ટૂંકમાં સહી કરવી જરૂરી છે. અલબત, જો વસિયતનામામાં વધારે પડતી છેકછાક કે સુધારા-વધારા કરવા જરૂરી હોય, તો તે સંજોગોમાં વસિયતનામું નવેસરથી તૈયાર કરાય, તે હિતાવહ ગણાય. ઉપર જણાવ્યા મુજબ વ્યકિત પોતે ચાહે તેટલીવાર પોતાનું વસિયતનામું બદલી શકે છે અને નવું વસિયતનામું બનાવવામાં આવતાં, જુનું આપોઆપ રદ થયેલું ગણાય છે.

૫. વીલ યા વસિયતનામાનું 'રજીસ્ટ્રેશન' અર્થાત નોંધણી કરાવવી ફરજીયાત નથી. અલબત, વસિયતનામાની કાયદેસરતા પડકારવામાં આવે, તેવા સંજોગો ઊભા થવાનો વસિયતકારને સંશય હોય, ત્યારે વીલનું 'રજીસ્ટ્રેશન' અથવા નોટરી પબ્લિક સમક્ષ 'નોટરાઈઝેશન' કરાવવું હિતાવહ છે. આવા સંજોગોમાં વીલના અંતમાં સાક્ષીઓની સહી ઉપરાંત, વ્યકિતના ફેમિલી ડૉકટરની સહી અને વ્યકિતના તન અને મનની દુરસ્તતાનું પ્રમાણપત્ર આવરી લેવામાં આવે, તો તે સલાહભર્યું બની રહે. વીલ રજીસ્ટર કરાવવાથી માનસિક વિકલાંગ કે સગીરોને પ્રાપ્ત થતાં હકોનું રક્ષણ કરવામાં સરળતા રહે છે.

૬. વસિયતનામાનો અમલ વ્યકિતના અવસાન બાદ થનાર હોઈ, વસિયતકારે પોતાની મિલ્કતની વહેંચણી કે વ્યવસ્થા સંબંધી જે યોજના કરી હોય, તેનો અમલ કરવા માટે વીલમાં 'એકિઝકયુટર્સ' યાને વહીવટકર્તાની નિમણૂંક કરવી જરૂરી બને છે. વસિયતકારે પોતાની વિશ્વાસુ હોય તેવી એક અથવા વધુ વ્યકિતઓની વીલમાં 'એકિઝકયુટર્સ' તરીકે નિમણૂંક કરવી જોઈએ અને વીલમાં તેનો ઉલ્લેખ કરવો જોઈએ. એકિઝકયુટરને વારસો આપી શકાય છે.

**- વિનુભાઈ હકાણી**




# હૃદય અને એની વ્યાધિઓ ......

**વ્યક્તિ ૭૦ વર્ષની થાય ત્યાં સુધીમાં એનું હૃદય લગભગ ૨.૫ અબજ વખત ધબકી ચૂકયું હોય છે.**

✍ મહાસુખભાઈ જકડિયા



'હું મને જોવ છું', 'અંતરગત', હૃદયએ શરીરનું મહા મુલ્યવાન અંગ છે. 'સ્વાસ્થ માટે' હૃદયની રચના, કાર્યથી અવગત થઈએ. હૃદય એ આપણાં શરીરમાં કુદરતે બેસાડેલો એક અદ્દ્ભૂત પમ્પ છે, એ લોહીને સતત શરીરમાં ફરતું રાખવાની કામગીરી કરે છે. આ એક દ્વિતરફી પમ્પ છે એક જ ધબકારમાં એના ડાબા પડખામાંથી આખા શરીરમાં પ્રાણવાયુ-યુકત લોહીનો જથ્થો રવાના, કરવામાં આવે છે, જયારે એના જમણા પડખામાંથી એટલું જ લોહી અંગારવાયુ દૂર કરવા અને પ્રાણવાયુ ઉમેરવા માટે ફેફસામાં પહોંચાડવામાં આવે છે, હૃદયની કામગીરી લોહી દ્વારા, શરીરના કોષોને પ્રાણવાયુ અને પોષક તત્વોનો જથ્થો પહોંચાડવાની છે. એ જ લોહી શરીરમાંથી હૃદય તરફની એની વળતી મુસાફરી દરમિયાન શરીરના કોષોમાં પેદા થયેલા અંગારવાયુ તેમજ અન્ય નકામાં પદાર્થો એકત્ર કરીને ઉત્સર્ગ અવયવો સુધી પહોંચાડે છે. લોહીની આ મુસાફરી અવિરત ચાલતી રાખવાનું કામ હૃદય સંભાળે છે. આ જીવંત પમ્પ દ્વારા લોહીને શરીરમાં ફરતું રાખવા માટે કુદરતે ધમની શિરાઓ અને કેશવાહિનીઓની બનેલી પાઈપ લાઈન નાખેલી છે, જેની કુલ લંબાઈ ૧,૦૦,૦૦૦ (એક લાખ) કિલોમીટર જેટલી છે, હૃદયની કામગીરીની કુશળતા જુઓ કે આપણાં લોહીનું પ્રત્યેક ટીપું એક મિનિટમાં એક લાખ કિલોમીટરની એટલે કે આખા શરીરની યાત્રા પૂરું કરતું હોય છે. આ પમ્પ ઉંમર વધે તેમ નબળો પડતો જાય છે.





## હૃદય શી રીતે કાર્ય કરે છે ...

હૃદય વીજળીથી ચાલતો અવયવ છે. કુદરતે એના સ્નાયુમાં ખાસ વિદ્યુત ઉત્પાદક મથક બેસાડેલું છે, જે સાઈનો-એટ્રિક (એસ.એ.) નોડ તરીકે ઓળખાય છે એનું કામ છે હૃદયની ગતિ નક્કી કરવાનું એમાંથી પેદા થતી વીજળીનો પ્રવાહ લગભગ ૦.૪ સેંકડમાં તો હૃદયના એકેએક એક ભાગમાં પહોંચી જાય છે. આ માટે હૃદયની દિવાલમાં કુદરતે વાયરિંગ કરેલું છે. હૃદયના ખાનાઓમાં આ વિદ્યુતપ્રવાહ મોજાંની માફક પ્રસરતો હોય છે. હૃદયના જે ભાગમાં વિદ્યુતપ્રવાહ પહોંચે છે તે ભાગના સ્નાયુઓનું સંકોચન થાય છે અને એના વડે લોહી આગળ ધકેલવામાં આવે છે એની પાછળ વળતું અખવાશનું મોજું આવે છે જેનાથી હૃદયનું તે ખાનું વિસ્તરે છે અને તે લોહીથી ભરાય છે. હૃદયના સંકોચનને સિસ્ટોલ અને વિસ્તારને ડાયાસ્ટોલ કહેવામાં આવે છે. ડાયાસ્ટોલ વખતે હૃદયના જે તે ખાનામાં લોહી ભરાય છે, જયારે સિસ્ટોલ વખતે હૃદયના સ્નાયુના ધક્કાથી લોહી આગળ ધકેલવામાં આવે છે. એ નિરંતર કાર્યરત રહે છે. એક મિનીટમાં પુખ્ત વ્યકિતનું હૃદય સરેરાશ ૭૨ વખત ધબકતું હોય છે. આ હિસાબે એ દર કલાકે એ ૪૩૨૦ વખત, એક દિવસમાં ૧૦૩, ૬૮૦ વખત ધબકતું રહે છે. વ્યકિત ૭૦ વર્ષની થાય ત્યાં સુધીમાં એનું હૃદય લગભગ ૨.૫ અબજ વખત ધબકી ચૂકયું હોય છે.

## શુભેચ્છા

આ સંસ્થાના ખજાનચી શ્રી હર્ષકાન્તભાઈ પી. રાખશિયા તથા તેઓશ્રીની પુત્રી મૌસમને, પરિવારિક પ્રસંગે કેનેડા જવાનું થતાં, સંસ્થા પરિવાર વતી ભાવપૂર્વક શુભેચ્છા આપતો સમારોહ તા. ૬/૫/૧૬ ના રોજ યોજવામાં આવેલ હતો.



## પ્રતિભાવ

# વાંચકો લખે છે ...

આપનું માસિક દર માસે નિયમિત મળે છે. આભાર. પ્રવૃત્તિઓ વાંચીને આનંદ અને ગૌરવની લાગણી થાય છે. આ માટે આપ સૌ અભિનંદનને પાત્ર છો. ખેલ મહાકુંભમાં આપના ૭૦૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો, તે સૌને ધન્યવાદ. વિજેતાઓને અભિનંદન પાઠવશો.

**ડૉ. આર. જે. જાડેજા**
લકુલેશ યોગ યુનિવર્સિટી, ભાવનગર.

આપની સંસ્થા દ્વારા પ્રકાશિત "માતાઓના મુખેથી" પુસ્તક મળ્યું છે. આપ સૌને, સંસ્થાના શિક્ષકોને અને ખાસ કરીને દરેક માતાઓને માત્ર હૃદયપૂર્વકના વંદન. કેટલીક ઘટનાઓ વાંચ્યા બાદ હૃદયના ભાવો આગળ લખી શકવાને માટે શબ્દો મળતા નથી. દરેક સત્ય ઘટના હૃદયસ્પર્શી જ હશે. સમગ્ર સંસ્થા અને તેના કાર્યકરોને પુનઃ ખૂબ ખૂબ ધન્યવાદ. આપ સૌને દર્શને જરૂરથી યાત્રા કરવી છે.

સ્નેહાધીન
**બંકિમશેઠના સસ્નેહ !,** સેવા રૂરલ, ઝઘડિયા

## પ્રેરક વ્યક્તિત્વ

# ચિ. રચના શાહ ...



ચિ. રચના શાહ, જન્મથી જ પ્રોફાઉન્ડ શ્રવણ-મંદતા ધરાવે છે. ચિ. રચનાએ સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેનો સંસ્થામાં આવવાનો હેતુ, પોતાના ફેશન ડિઝાઈનિંગના પુસ્તક **"રચના ફેશન વોલ્યુમ ૧ થી ૫"** ના વિમોચન પ્રસંગની આમંત્રણ પત્રિકા રૂબરૂ આપવાનો તથા શાળાના શ્રવણમંદ બાળકો સાથે પોતાની જીવનયાત્રાના અનુભવોની આપ-લે કરવાનો હતો. રચના પોતે ખૂબજ ખંતપૂર્વકની મહેનતથી અને સાતત્યપૂર્ણ સ્પીચ થેરાપી અને પ્રેકટિસથી, આજે ચાર ભાષા-ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત બોલી, વાંચી, લખી અને સમજી શકે છે. તે ભરતનાટયમ્‌ની બધી કૃતિઓ, તેમજ લોકગીતો પર નૃત્ય કરી શકે છે. તેણીએ ૨૦૧૪માં અગ્રણી નાગરિકો, સંસ્થાઓ તરફથી ઘણાં સન્માનપત્રો મળેલ છે. તેણી ફેશન ડિઝાઈનિંગમાં પણ નિપુણતા ધરાવે છે. રચના ખરા અર્થમાં દિવ્યાંગ છે.

## કેસ સ્ટડી

- વિશ્વા ભટ્ટ

# એક સુંદર ઉપવન... જયાં થાય છે પ્રત્યેક પૂષ્પનું જતન

**નામ :** **કૃષ્નલ બલર,**
**ઉંમર** : ૧૦ વર્ષ, **ધોરણ :** ૨,
**સરનામું :** મું. બપાડા, તા. તળાજા, જિ. ભાવનગર.


શ્રી શાહ ખી. લ. બહેરાંઓની શાળામાં બાળવર્ગ-૧ માં પ્રવેશ મેળવવા આવેલાં, શ્રી મુકેશભાઈ બલરે કરેલી વાત. "બહેન મારા ઘરમાં કોઈનેય આવી ખામી નથી. હા, મારા બા (અંધ) પ્રજ્ઞાચક્ષુ છે. હવે ભગવાને આ બીજો પડકાર આપ્યો છે. મારે આ શાળામાં એને ભણાવીને હોંશિયાર કરવો છે." કૃષ્નલ બાળવર્ગ-૧ માં દાખલ થયો. જાણે પિતાની વાત સાંભળીને નિર્ધાર કર્યો હોય કે મારે ખૂબ ભણવું છે. તેમ તે ભણવામાં હંમેશા અગ્રેસર રહેતો. બાળવર્ગ-૧ અને બાળવર્ગ-૨ એમ બે વર્ષ, બાલમંદિરમાં તેણે પ્રથમ નંબર જાળવીને પૂર્ણ કર્યા. ત્યાં જ ધોરણ-૧માં ભણતાં કૃષ્નલના પિતાએ પોતાની મુશ્કેલી વર્ગશિક્ષક સમક્ષ રજૂ કરી. "બહેન, મારા બાની સારસંભાળ મારે જ રાખવી પડે છે. તેમ કરવા જતાં હું મારી નોકરી પર સમયસર હાજર ન રહી શકતાં, મારી નોકરી જતી રહી. હું કૃષ્નલને બપાડા (તળાજા) માં રાખીને જ ભણાવીશ. હવે હું તેનો ખર્ચ અન્ય જગ્યાએ રાખીને ઉપાડી શકું તેમ નથી." તાત્કાલિક નિર્ણય લેવાયો કે કૃષ્નલનો ભણવાનો તમામ ખર્ચ સંસ્થા માફ કરે છે. **માત્ર આર્થિક અક્ષમતા, આ હોંશિયાર બાળકનું ભાવિ નહીં કચડી શકે.** આજે ધો. ૧ માં પણ પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈને કૃષ્નલ આગળ વધી રહયો છે, જ્ઞાનના ઉજાસની સફરે, આગળ...


કૃષ્નલ બલર

લાઈબ્રેરી કોર્નર

# ઈયરફોન દ્વારા મ્યુઝિક સાંભળવાથી કાનની શ્રવણશક્તિ લાંબે ગાળે ઓછી થવાનું જોખમ ખરું ?

સંકલન : અનંત એ. શાહ



ઈયરફોન વાપરવામાં સંયમ ન રખાય તો જોખમ પૂરેપૂરું છે એટલું જ નહિ, પરંતુ લાંબે ગાળે એ કારણસર વેઠવી પડતી બહેરાશના કિસ્સા પ્રતિદિન વધી રહયા છે. શ્રવણશક્તિ બહુ ધીમા દરે ઘટે છે, એટલે નુકશાન થતું હોવાનો જલ્દી ખ્યાલ આવતો નથી. સૌ પ્રથમ ભીંત ઘડિયાળનું ટિક્...ટિક્..., પંખીડાનો કલરવ, વૃક્ષોના પાંદડાંનો સરસરાટ વગેરે રોજબરોજના મંદ અવાજો સંભળાતા બંધ થાય છે. વ્યક્તિ ત્યારબાદ કયારેક સામી વ્યક્તિને **'શું કહ્યું ?'** એમ પૂછવા માંડે છે. શ્રવણશક્તિ વધારે ક્ષીણ થયા પછી, તે રેડિયોનું અને ટી.વી.નું વોલ્યુમ જરા વધારે રાખે છે અને સમય જતાં પોતે સહેજ મોટા સાદે બોલવાનું વલણ દાખવે છે. આની માઠી અસર સરવાળે તે વ્યક્તિના સ્વભાવ પર થાય છે. ઈયરફોનની મોટી સમસ્યા એ કે Outer Ear/બાહ્ય કાનને તે **'બૂચ'** મારી દે છે. શરીરશાસ્ત્ર મુજબ જોતા, માણસને ધ્વનિ એટલા માટે સંભળાય કે અવાજના મોજાં Diaphragm/કાનના પડદાને ધ્રુજારીનું ઓડિઓ સિગ્નલ મધ્યવર્તી કાન દ્વારા આંતરિક કાનમાં જાય છે. જે તેને ઈલેક્ટ્રિક સિગ્નલમાં ફેરવીને, સંકેતો મગજને પાઠવે છે. સાંભળવાનું કામ મગજ કરે છે. શોખીનોને ઉત્તમ કવોલિટીનો ઓડિઓ સાંભળવા મળે એ માટે, કાનની અંદર ખોસી દેવાય એવા પ્રકારના ઈયરફોન બને છે. નિયમ છે કે અવાજના મોજાં વાતાવરણમાં જેમ આગળ વધે તેમ તેમ અવાજની શ્રાવ્ય માત્રા ઘટે, પણ અહીં તો ઈયરફોનના **'બૂચ'** અને કાનના પડદા વચ્ચેનું અંતર પાંચેક મિલિમીટર કરતાં વધારે હોતું નથી. પરિણામે અવાજ જાણે પડઘમનો હોય એવી બુલંદીએ કાનના પડદા પર પ્રહાર કરે છે. અવાજની માત્રા ૯૦ ડેસિબલ્સ કરતાં વધારે ન હોવી જોઈએ, પણ હાઈ વોલ્યૂમ સંગીતના ચસ્કાવાળા શોખીનો, એ વાતનો ખ્યાલ રાખતા નથી. આ વિષયે ૨૦૧૪માં ઈયરફોન વાપરતા દિલ્લીના કેટલાક કોલેજિયનોની શ્રવણશક્તિનું ટેસ્ટિંગ કરાયું, ત્યારે જાણવા મળ્યું કે ૩૫% વિદ્યાર્થીઓને આંશિક બહેરાશ છે. તબીબોએ સલાહ જારી કરી કે સરેરાશ ૧૫ મિનિટ બાદ, ઈયરફોન કાઢી લઈ કાનને થોડો સમય રાહત આપવી જોઈએ.

## તમામ શાળાઓમાં રાષ્ટ્રગાન ફરજિયાત - મદ્રાસ HC

મદ્રાસ હાઈકોર્ટે, ખાનગી સંસ્થાઓ સહિત બધી જ સ્કૂલોમાં રાષ્ટ્રગીતનું ગાન ફરજિયાત બનાવ્યું છે. જાહેર હિતની અરજીની સુનાવણી કરતાં કોર્ટે, ૪ થી માર્ચે કેન્દ્ર અને રાજયના શૈક્ષણિક વિભાગોને બધી જ ખાનગી સ્કૂલો સહિતની શાળાઓમાં રાષ્ટ્રગીતનું ગાન થાય છે કે નહીં તેની ખાતરી કરવાના નિર્દેશો આપ્યાં છે,

## કેન્દ્ર દિવ્યાંગો માટે યુનિવર્સલ ID આઈ.ડી. રજૂ કરશે

કેન્દ્ર સરકારે દિવ્યાંગો માટે એક યુનિવર્સલ ID રજૂ કરવાનો નિર્ણય કર્યો છે, જેની મદદથી તેઓ સમગ્ર દેશમાં, વિવિધ યોજનાઓ અને રિઝર્વેશન્સના લાભ સરળતાથી મેળવી શકશે. સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય એક નવો કાયદો બનાવી રહી છે,જેમાં અન્ય ૧૨ પ્રકારની શારીરિક વિકલાંગતાઓને આવરી લેવાશે. એક રાજય સરકાર દ્વારા અપાતું **શારીરિક વિકલાંગતાનું પ્રમાણપત્ર**, બીજા રાજયમાં સ્વીકૃત થતું નથી. તેથી કેન્દ્ર એક **યુનિવર્સલ** ID સાથે આગળ આવશે, જે દેશમાં કોઈ પણ જગ્યાએ માન્ય ગણાશે.

## રાજયમાં દિવ્યાંગોની સહાયમાં વધારો કરાયો

### દિવ્યાંગ યુગલોને ૫૦-૫૦ હજાર સહાય અપાશે

અમદાવાદમાં, કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય-અધિકારીતા મંત્રાલયના વિકલાંગ સશક્તિકરણ વિભાગ અને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના ઉપક્રમે યોજાયેલા, **'સુગમ્ય ભારત અભિયાન વર્કશોપ'** નો મુખ્યપ્રધાને પ્રારંભ કરાવ્યો હતો. રાજયમાં દિવ્યાંગ વ્યક્તિઓના કલ્યાણ-હિત માટેના નિર્ણયોની, મુખ્યપ્રધાન શ્રી આનંદીબહેન પટેલે જાહેરાત કરી હતી. કે, દિવ્યાંગ વ્યક્તિ કોઈ સામાન્ય વ્યક્તિ સાથે લગ્નગ્રંથીથી જોડાય ત્યારે, હવે રૂા. ૫૦,૦૦૦ આર્થિક સહાય સરકાર આપશે. જો દિવ્યાંગ વ્યક્તિ પરસ્પર એકબીજા સાથે લગ્નગ્રંથીથી જોડાય તેવા કિસ્સામાં, હવે એવા દિવ્યાંગ

યુગલ, બંને વ્યકિતઓને રૂપિયા પચાસ-પચાસ હજાર આર્થિક સહાય રાજ્ય સરકાર આપશે. પોલિયોના દર્દીઓ માટે ઓપરેશન અને કેલિપર્સ બંનેના ખર્ચ પેટે હવે રૂા.૧૦,૦૦૦ આપવાનો નિર્ણય પણ રાજય સરકારે કર્યો છે. આવક મર્યાદા સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. મુખ્યપ્રધાને ગુજરાતમાં દિવ્યાંગ વ્યકિતઓને દિવ્યાંગતાનું પ્રમાણપત્ર તથા એસ.ટી. બસમાં વિનામૂલ્યે મુસાફરીના પાસ આજીવન માન્ય રાખવાના નિર્ણયની પહેલરૂપ ભૂમિકા આપતાં જણાવ્યું કે, દિવ્યાંગ વ્યકિતઓને રોજગાર અવસરો, સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તાલિમ તથા દિવ્યાંગો માટેની ખાસ, આઈ.ટી.આઈ. કૌશલ્યવર્ધન કેન્દ્રો શરૂ કરવાની પણ રાજય સરકારની ઈચ્છા છે.

**સૌજન્ય : મુંબઈ સમાચાર**, તા.૨૨/૨/૧૬


**વિકલાંગોના સંબંધે માહિતી આપતી ટોલ ફ્રી ગુજરાત સરકારનો હેલ્પલાઈન નંબર**
૧૮૦૦૨૩૩૫૫૦૦
૦૭૯-૨૬૩૦૫૪૭૩
૦૭૯-૨૬૩૦૫૪૭૪
**નેશનલ ટ્રસ્ટ ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર**
૧૮૦૦૧૧૬૮૦૦
**ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર : ૧૦૯૮**

જન્મ દિવસની ઉજવણી



## શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ)ના જન્મદિવસની ઉજવણી

**"કિસી કી મુસ્કુરાહટોં પે હો નિસાર..."**



પી.એન.આર. સોસાયટીના સર્જક અને આર્ષદ્રષ્ટા શ્રી અનંતભાઈ કનૈયાલાલ શાહના ૮૨માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે, જન્મદિવસની શુભેચ્છા આપવાના કાર્યક્રમનું આયોજન, શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળાના મહાવીર ઓડિટોરિયમમાં, તા.૭/૩/૧૬ ના રોજ કરવામાં આવેલ. શ્રી નરેન્દ્રભાઈ ગોસ્વામી, (વિશિષ્ટ શિક્ષક) દ્વારા તૈયાર કરાયેલ, **'તસ્વીરમાં જીવનયાત્રા'**, વિડીયો દ્વારા રજૂ કરવામાં આવી. દિવ્યાંગ શ્રીમ દ્વારા કવિતા, વિશિષ્ટ શિક્ષિકા કવિતાબેન દ્વારા જીવન ઝરમર અને આપણી પરંપરા મુજબની વાનગી, સુખડીથી શ્રી બાબાભાઈનું મોં મીઠું કરાવવામાં આવેલ હતું.

શ્રી બાબાભાઈએ આશીર્વચન આપતાં કહ્યું કે, ''કોઈ સંશાધન વિના જ, ખાલી સંવેદનાના આધારે શરૂ થયેલ, આ સંસ્થાની સફળતાના ઉદાહરણ તરીકે, સંસ્થાની લાડલી



દિવ્યાંગ શ્રીમને બોલાવી, ઉદ્દેશીને, સમજાવ્યું કે, આ ટ્રસ્ટીગણ, શિક્ષકગણ, કાર્યકરો અને કર્મચારીઓની નિષ્ઠાનું પરિણામ છે, જેમાં ઉત્તરોત્તર પ્રગતિ થતી રહેશે.'' સંસ્થા આવી જ રીતે આગળ વધતી રહે તેવી તેઓએ શુભેચ્છા વ્યકત કરી હતી.

## પી.એન.આર. દ્વારા પાર્કિન્સન્સ ડે ની ઉજવણી



તા. ૧૧/૪ ના રોજ પી.એન.આર. સોસાયટી, ભાવનગર સંચાલિત, શ્રી બી.કે. પારેખ પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપના, પાર્કિન્સન્સ દર્દીઓનો પ્રવાસ ગોઠવાયો હતો. જેમાં પાર્કિન્સન્સ પેશન્ટસને, બગદાણા તેમજ આસપાસના જોવા લાયક સ્થળોએ લઈ જવામાં આવ્યાં હતાં. પ્રવાસ દરમિયાન ફિઝિયોથેરાપી તથા સંશોધન પર આધારિત સુચનો કરાયાં હતાં. પાર્કિન્સન્સ પેશન્ટસના આ ગ્રુપમાં, છેલ્લાં ત્રણ વર્ષથી જુદી-જુદી કસરતો, તેમજ દિનચર્યા વિષે માર્ગદર્શન અપાઈ રહયું છે. દર રવિવારે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ વચ્ચે સંસ્થાના ફિઝિયોથેરાપીસ્ટો સતત ફ્રી સેવા આપી રહયાં છે. આ સેવા લેવા ગ્રુપના કો-ઓર્ડિનેટર શ્રી કે.ડી. પડિયાનો મો. ૯૩૭૪૮૬૫૩૦૭ પર સંપર્ક કરવો.

# રોટરી કલબ સાઉથ મુંબઈ દ્વારા ચેરમેન શ્રી નટવરભાઈ દેસાઈનું અભિવાદન



રોટરી કલબ ઓફ મુંબઈ સાઉથના પ્રમુખ શ્રી નરગીસબહેન અને સાથીઓ દ્વારા, પી.એન.આર. સોસાયટી-ભાવનગરના ચેરમેન શ્રી નટવરભાઈ દેસાઈને, **'વોકેશનલ એક્સલન્સ એવોર્ડ'** આપી સન્માન કરાયું હતું. છેલ્લાં ૪૦ વર્ષથી સક્રિય રીતે સમાજ સેવામાં જોડાયેલા, શ્રી નટવરભાઈનો પરિચય, શ્રી દીપકભાઈ ભીમાણી અને શ્રીમતી સંધ્યાબહેન ભીમાણીએ આપ્યો હતો. વિકલાંગ બાળકોની સંસ્થા પી.એન.આર. સોસાયટી-ભાવનગર, વિકલાંગ બાળકો માટે સેવાનું ભગીરથ કાર્ય કરી રહી છે. શ્રી નટવરભાઈ ૮૮ વર્ષની ઉંમરે હજુ સક્રિય કામગીરી બજાવી રહ્યાં છે. તેમની આવી સુંદર કામગીરી બદલ તેમને કલબના સિનિયર મેમ્બર શ્રી હર્ષદભાઈ શાહ દ્વારા એવોર્ડ અપાયો હતો. શ્રી નરગીસબહેને તેમની સેવાઓ બિરદાવી હતી. આ પ્રસંગે શ્રી ચંદ્રકાંતભાઈ નાલાવાલા, શ્રી મહેન્દ્રભાઈ પરીખ, શ્રી શશીકાંતભાઈ મહેતા તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# તળાજા રિસોર્સ સેન્ટરના બાળકો દ્વારા ઉજવણી

પી.એન.આર. સોસાયટી સંચાલિત, શ્રી એન.આર. શાહ મેમોરિયલ હોસ્પિટલ, તળાજા ખાતે ચાલતાં રિસોર્સ સેન્ટર ઉપર, મગજના લકવાગ્રસ્ત તથા મંદબુધ્ધિના બાળકો દ્વારા **"હોળી-ધૂળેટી"** તહેવારની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં બાળકોને નાસ્તો કરાવવામાં આવેલ. કાર્યક્રમના અંતે કાર્યકર્તા શ્રી પંકજભાઈ કંટકિયા (સ્પેશ્યલ એજ્યુકેટર) દ્વારા, દાતાશ્રી નયનકુમાર કાંતિલાલ મહેતા, તળાજાનો આભાર વ્યકત કરવામાં આવેલ.





**નામ :** રાજેશ્વરી મદનલાલ ગુર્જર (વિદ્યાર્થીની)
**જિલ્લો :** નાગૌર (રાજસ્થાન)
**કોર્સનું નામ :** D.ed. Spl. Edu. (HI)
**સંસ્થાનું નામ :** શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર

## કાવ્ય

## 'માઁ'

નીંદ બહુત આતી હૈ, પઢતે પઢતે માઁ,
માઁ તુ હોતી તો કહ દેતી એક કપ ચાય બના દે.

થક ગયી હૂઁ મૈસ કી રોટી ખા-ખા કે,
માઁ તુ હોતી તો કહ દેતી પરાઠેં બના દે.

બંધ હો ગયી હૂઁ રૂમકી ચાર દિવારી મે,
માઁ, તું હોતી તો કહ દેતી, જરા બહાર ઘુમા દે.

વહી કોશિશ રોજ ખુશ રહને કી,
માઁ તુ હોતી તો જરા મુસ્કુરા લેતી.

પરેશાનીયા તો બહુત હૈ યહાઁ,
માઁ, તુજે બતાતી, તો તુજે ભી રૂલા દેતી.

બહુત દૂર નિકલ આયી હૂઁ ઘરસે,
માઁ, તેરે સપનોં કી પરવાહેં ન હોતી તો,


કબકી ઘર ચલી આતી.
આયી હૂઁ ઘરસે દૂર સિર્ફ યહી સોચકર ઈન
પરેશાનીયોં કે બાદ,

માઁ - પાપા કો દુનિયા કી હર ખુશી દિલા શકૂં.



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ
જિજ્ઞેશ પારેખ




## PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન

### ૧) રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન -




વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન, પી.એન.આર. સોસાયટી, ઈમ્પેકટ ફાઉન્ડેશન યુ.કે. તથા ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના **કોમ્પ્રિહેન્સિવ ડિસેબિલિટી પ્રિવેન્શન એન્ડ વેલ બીઈંગ પાર્ટનરશીપ પ્રોગ્રામ** અંતર્ગત, રૂબેલા પ્રિવેન્શન પ્રોજેકટ અંતર્ગત, એપ્રિલ થી મે-૨૦૧૬ દરમ્યાન પાલિતાણા, ગઢડા, વલભીપુર, શિહોર, ઘોઘા, તળાજા, ભાવનગર તાલુકાના, તેમજ સામાજિક સંસ્થાઓ જેમ કે, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ભાવનગર, મંગળ ચેરિટેબલ ટ્રસ્ટ, ભાવનગર, આઈ.સી.ડી.એસ. વલભીપુર, વાપી પ્રિવેન્શન હેલ્થ કિલનીક-વિસનગર, સ્નેહ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ-મહેસાણા વગેરેનો ખૂબ સહકાર મળ્યો હતો. ગામડાઓમાં **૫૬** સ્કૂલ તથા કોમ્યુનિટીમાં મળીને કુલ **૮૨૧૯** ને, રૂબેલાની અવરનેસ આપવામાં આવેલ છે. તેમાં **૫૯૪૦** ને રૂબેલા રસીકરણ કરવામાં આવેલ છે.

### ૨) ડેફનેસ-બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ :-



એપ્રિલ થી મે-૨૦૧૬ માં ડેફનેસ- બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેકટ અંતર્ગત, ભાવનગર, ગારિયાધાર, તળાજા, ઉમરાળા તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોની આંખ, કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. PNR ઈમ્પેકટ ટીમ કાર્ય કરે છે, જેથી વધુને વધુ બાળકોને લાભ મળે અને તેમનું ભવિષ્યનું જીવન સુધરે, તે માટે સંસ્થા તરફથી વિકલાંગતા અટકાવ અભિયાન અંતર્ગત, બાળકોને તથા સમાજને લાભ મળે તેમ કરવામાં આવે છે. પ્રાથમિક શાળા તથા આંગણવાડીના બાળકોની આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવી. જેમાં ૧૪૦૮૫ બાળકોની તપાસ થઈ, તેમાંથી ૭૫૩ બાળકોને **"રિફ્રેકશન એરર"** હોય તેને, વિનામૂલ્યે ચશ્માં વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત આંગણવાડીના દરેક બાળકોને વિટામીન **'એ'** ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, તેમજ કાનમાં રસી, પડદામાં કાણું, તેમજ હાડકીનો સડો વિગેરે તકલીફવાળા બાળકો માટે, ઈ.એન.ટી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. ૨૧ બાળકોને, કાનના પડદામાં કાંણાના ઓપરેશન કરી આપવામાં આવ્યાં.

### ૩) પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-



એપ્રિલ થી મે-૨૦૧૬ બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૧૦૬** બાળકો તથા જરૂરિયાતમંદ દર્દીના નિદાન કરી, કુલ ૨૩ બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૧૧ કપાયેલા હોઠના, ૦૯ તાળવામાં કાણાંના અને ૦૩ હાઈપોસ્પિડીયા (મૂત્રનલિકાની જન્મજાત ખામી)** તેમજ **૦૫** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર, પીગમેન્ટેશન, ટેટુ રીમુવલ વિગેરેના દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહ્યાં છે. તેમજ

કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

**૫) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-**


એપ્રિલ થી મે-૨૦૧૬ દરમ્યાન પી.એન.આર.હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં **૭૬૬** ની ઓ.પી.ડી. કરાવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને મફત દવા, ટીપા,વગેરે વિતરણ કરેલ હતું. **૧૪૪** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૮૯** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૨૫** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.





# સંક્ષિપ્ત સમાચાર

જીજ્ઞાબહેન શાહ




## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલશ્રી જિજ્ઞાબહેન શાહને સક્ષમ ભાવનગર અંતર્ગત મળેલ એવોર્ડ

તા. ૨૪/૦૧/૨૦૧૬ના રોજ **સક્ષમ ભાવનગર** કાર્યક્રમ અંતર્ગત, દિવ્યાંગ બાળકો અને વિકલાંગો માટે શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ, **'વિશિષ્ટ વ્યક્તિઓનો સન્માન'** કાર્યક્રમ, યશવંતરાય નાટયગૃહમાં યોજાયેલ હતો. જેમાં માનનીય ધારાસભ્ય શ્રી વિભાવરીબેન દવેના વરદ્ હસ્તે, સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહનું સન્માન કરવામાં આવ્યું હતું.


શ્રી જીજ્ઞાબેન શાહને અભિનંદન



## યુનિ. એ.સી. માં શ્રી આનંદભાઈ શાહની નિયુક્તિ

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટિના કુલપતિ દ્વારા, ટ્રસ્ટીશ્રી આનંદભાઈ શાહની શ્રી કે.એલ.ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફના પ્રતિનિધિ તરીકે યુનિવર્સિટિ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે નિયુક્તિ થયેલ છે, તે જાણી સંસ્થા હર્ષ અનુભવે છે અને તેમને ખૂબ ખૂબ અભિનંદન...

## શ્રી અશ્વિનભાઈ પંડયાને જન્મદિવસની શુભેચ્છા

શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળાના માનદ્મંત્રી શ્રી અશ્વિભાઈ પંડયાને ૧ જૂનના ૬૪માં જન્મદિવસની શુભેચ્છા શ્રી અનંતભાઈ કે. શાહ અને ટ્રસ્ટીગણ તથા સમગ્ર સંસ્થા પરિવારે આપી હતી.





# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેક્નોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

## “શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના”




ભારત જેવા દેશમાં મહિલાઓ તરફ ભેદભાવનું વાતાવરણ છે એમાંયે ખાસ વિકલાંગ મહિલાઓની હાલત વિશિષ્ટ રીતે દયાજનક છે. તે કુટુંબ માટે જિંદગી પર્યંતનો બોજ છે તેમ માની લેવામાં આવ્યું છે, તેથી તેના આર્થિક રીતે સ્વનિર્ભર થવાના પ્રયત્નો સંપૂર્ણ સફળ નિવડતા નથી. આ સંજોગોમાં તે વધુ વિકટ સ્થિતિમાં દોહાલું જીવન વ્યતિત કરે છે. આવી પરિસ્થિતિમાંથી વિકલાંગ મહિલાઓને બહાર લાવી, તેને આર્થિક રીતે સ્વનિર્ભર કરવાની, **“શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના”** નામની આ વિશિષ્ટ યોજનાનો પ્રારંભ, **“ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન, અમેરિકા ”** ના સંપૂર્ણ આર્થિક સહયોગથી પી.એન.આર. સોસાયટી દ્વારા કરવામાં આવ્યો છે.

૧૮ થી ૪૫ વર્ષના ભાવનગર જિલ્લામાં વસવાટ કરતાં વિકલાંગ બહેનો પગભર થવા માટે, પોતાની પસંદગી મુજબ તાલિમ મેળવી શકે, પોતાની આવડત મુજબ વ્યવસાય શરૂ કરી શકે અથવા ઈચ્છિત નોકરી મેળવી શકે તે માટે સહાયરૂપ થવાનો મુખ્ય હેતુ છે.


**પ્રજ્ઞાચક્ષુ, શ્રવણમંદ, મંદબુધ્ધિ, સી.પી., ઓટિઝ્મ, અસ્થિવિષયક તથા બહુવિધ વિકલાંગ બહેનો માટે**

**શ્રીમતી જયોતિબેન દલાલ વિકલાંગ મહિલા સશક્તિકરણ યોજના**

Project fully funded by : The Dalal Family Foundation, U.S.A.

18 થી 45 વર્ષની ભાવનગર જિલ્લાની વિકલાંગ બહેનોને આર્થિક રીતે પગભર કરવા માટેની યોજનામાં વ્યવસાયિક તાલીમ તથા સ્વરોજગાર માટે વ્યવસાયના સાધનો, કાચો માલ ખરીદવા અથવા નોકરી મેળવવામાં સહાય અને માર્ગદર્શન મેળવવા તા.31 જૂલાઈ સુધીમાં નિયત કરેલ ફોર્મ સવારે 10.30 થી 1.30 દરમ્યાન મેળવી અરજી કરવી.

**ભાવનગર :** પી.એન.આર. સોસાયટી, 51, વિદ્યાનગર.
ફોન : 0278-2429326 નરેશભાઈ અજમેરા, મો.9428078368

**સંસ્થાના વિકલાંગ પુનઃવસન કેન્દ્રો :**
**સિહોર :** માધવહીલની સામે, રાજકોટ રોડ, **તળાજા :** એન.આર.શાહ મેમોરીયલ, વાવચોક.
**પાલીતાણા :** યશોવિજયનગર, ચર્ચની પાછળ. **મહુવા :** વીણા સારંગી કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે.

PNR HOPE 4 HANDICAPPED

**પી.એન.આર. સોસાયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધ ડિસેબલ્ડ**
51, વિદ્યાનગર, ભાવનગર. E-Mail : info@pnrsociety.org
Web : www.pnrsociety.org


આ વિવિધલક્ષી યોજનામાં વિકલાંગ મહિલાઓને તેની આસપાસની હક્કિતલક્ષી સ્થિતિની જાણકારી આપી જાગૃત કરવી, તેમજ તે સ્વમાનભેર જીવન જીવી શકે તે માટે, તેનામાં રહેલી શક્તિઓની ઓળખ કરાવી, તેની આવડતને સ્વરોજગાર સાથે સાંકળવી, એ માટે જરૂરી વિવિધ તાલિમ આપી, મદદરૂપ થવું અને સ્વરોજગાર માટે સાધનોની સહાય કરવી, તેને પગભર કરવા મદદ મળી રહે તેવું આયોજન છે.

આ યોજન હેઠળ સંસ્થા, વિકલાંગ બહેનોને વિવિધ સ્વરૂપે સહાય કરશે જેમાં મુખ્યત્વે (૧) તાલિમ મેળવવા માટે જરૂરી સ્કોલરશીપ અથવા ફી ની સહાય, (૨) તાલિમના સ્થળે આવવા-જવાના ખર્ચમાં સહાય, (૩) તાલિમ પૂરી કર્યા પછી સ્વરોજગાર શરૂ કરવામાં મદદ, (૪) વ્યવસાયના સાધનો ખરીદવા માટે મદદ, (૫) સ્વરોજગાર માટે આર્થિક સહાય, (૬) જરૂર જણાય ત્યારે લોન મેળવવા માટે યોગ્ય માર્ગદર્શન, (૭) કાચો સામાન ખરીદવામાં માર્ગદર્શન, (૮) પાકા માલના વેચાણ માટે માર્ગદર્શન, (૯) ધંધાના હિસાબો રાખવાની તાલિમ મેળવવામાં મદદ (૧૦) સ્વરોજગાર ચલાવવા માટે જરૂરી મેનેજમેન્ટ માટે માર્ગદર્શન, (૧૧) નોકરી મેળવવામાં સહાય વિગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યોજના હેઠળ જે વિકલાંગ બહેનો જે તાલિમ અને સહાય મેળવવા ઈચ્છતા હોય તેમણે આ સાથેના બોકસમાંની વિગતો જોવી, ફોર્મ તથા માહિતી પત્રિકા મેળવવા માટે **શ્રી નરેશભાઈ અજમેરા (મોબાઈલ નં.૯૪૨૮૦૭૮૩૬૮)** ને પૂછપરછ કરી શકાશે.

વિકલાંગ બહેનો માટે આશીર્વાદરૂપ એવી આ યોજનાની સંકલ્પના, પી.એન.આર. સોસાયટીના મંત્રીશ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) દ્વારા તૈયાર કરવામાં આવી છે.

યોજનાની સમિતીના ચેરમેનશ્રી ધીરુભાઈ ધંધુકિયા તથા આસિ. ચીફ એકિઝકયુટિવ શ્રી પારસભાઈ શાહ સંકલ્પના સાકાર કરવામાં વિશિષ્ટ યોગદાન આપી રહયાં છે. શ્રી નરેશભાઈ અજમેરા એસેસમેન્ટ ઓફિસર તરીકે અને શ્રી કૌશિકભાઈ પરમાર આ યોજનાના ચીફ પ્રોજેકટ કો-ઓર્ડિનેટર તરીકે કાર્યરત રહેશે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ વૈશાલી યોગી, વિશ્વા ભટ્ટ અને નેહલ ત્રિવેદી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### ૧. CRE પ્રોગ્રામનું આયોજન :-




રીહેબિલિટેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હી દ્વારા રજીસ્ટર્ડ વિશિષ્ટ શિક્ષકોના જ્ઞાનમાં અદ્યતન માહિતી વધારવા માટે CRE પ્રોગ્રામનું આયોજન, શ્રી ખી.લ. બહેરાંઓની સંસ્થા, ટીચર્સ ટ્રેનિંગ કોલેજ દ્વારા તા.૦૧/૦૬/૧૬ થી તા.૦૩/૦૬/૧૬ સુધી કરવામાં આવ્યું હતું. જેમાં HI, VI, MR તેમજ CP ના ગુજરાત, રાજસ્થાન તથા મહારાષ્ટ્રના વિશિષ્ટ શિક્ષકોએ ભાગ લીધેલ. જેનું ઉદ્ઘાટન ડૉ. શ્રી જયંતભાઈ વ્યાસ (અધ્યક્ષશ્રી, શિક્ષણ શાસ્ત્ર ભવન) કરેલ. તેમજ સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગીરથસિંહ ચુડાસમા તથા સંસ્થાના સર્વે ટ્રસ્ટીગણ તથા સ્ટાફ ઉપસ્થિત રહેલ હતાં. આ CRE પ્રોગ્રામનો વિષય “Parents as equal Partners” હતો. આ પ્રોગ્રામના સમાપન કાર્યક્રમમાં, મહારાજા કૃષ્ણકુમાર સિંહજી ભાવનગર યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી જે.પી. મજમુદાર અને સંસ્થાના અગ્રણીઓએ હાજર રહી, દરેકને આ મેળવેલ જ્ઞાનનો વિશિષ્ટ બાળકોના શિક્ષણમાં ઉપયોગ કરવા જણાવ્યું હતું. વિશિષ્ટ શિક્ષકોએ પોતાના અભિપ્રાય દરમ્યાન, તેઓએ ખૂબજ નવી માહિતી મેળવેલ છે તેમ જણાવતાં, સંતોષ વ્યકત કર્યો હતો.

### ૨. સક્ષમ ભાવનગર :-

સમાજ સુરક્ષા ખાતા અંતર્ગત, **સક્ષમ ભાવનગર** અન્વયે, વિવિધ ઉદ્ઘાટન સમારોહ પાલિતાણામાં યોજાયેલ. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પધારેલ. તેમણે ગુજરાતમાં સ્ત્રીધનના ઉત્કર્ષ માટે હાથ ધરેલ વિવિધ પ્રોજેકટની માહિતી આપી. આ કાર્યક્રમમાં સાધન સહાય અંતર્ગત, શાળાના ૧૨ બાળકોને બી.ટી.ઈ. મશીન આપવામાં આવેલ.

### ૩. પ્રોજેક્ટ હોળી-ધૂળેટીના તહેવારની ઉજવણી :-

આ વર્ષે તા.૨૨/૩ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરિયમમાં, હોળી-ધૂળેટીના તહેવારની ઉજવણીનો પ્રોજેકટ શિક્ષકો દ્વારા થયો હતો. જેમાં પૌરાણિક કથા- **‘ભક્ત પ્રહલાદ’** ના નાટક દ્વારા, હોળીના તહેવારનું મહત્વ તથા રાક્ષસરાજ હિરણ્યકશ્યપના મૃત્યુની ખુશાલીરૂપે ઉજવાતા ધૂળેટીના તહેવારનું, રંગારંગ અભિનય દ્વારા ચિત્રણ થયું હતું. સંપૂર્ણ પ્રોજેકટનું સુકાન, શાળાના શિક્ષિકા શ્રી કવિતાબેન શાહે સંભાળ્યું હતું. પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના શિક્ષકોએ, નાટક તેમજ અભિનયમાં ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યશ્રીઓ, તેમજ સર્વે શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી.

### ૪. ઉમંગ ઉત્સવ :-

તા.૨૮/૩/૧૬ ના રોજ ભાવનગરના રમત-ગમત વિભાગ દ્વારા, પ્રાદેશિક કક્ષાની એક **ચિત્ર સ્પર્ધા**નું આયોજન થયેલ હતું. જેમાં વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકોએ ભાગ લીધેલ. જેમાં શાળામાં અભ્યાસ કરતાં ધો.૧ ના ત્રણ બાળકો યુવરાજસિંહ જાડેજા, નાજીયા રાઠોડ અને મુકેશ કોટડિયાએ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરેલ. આ ત્રણેય બાળકોને ખૂબ-ખૂબ અભિનંદન.

### ૫. ઉમંગ ઉત્સવ :-

ઉમંગ ઉત્સવ ગુજરાત રાજય દ્વારા યોજાયેલ રાજયકક્ષાની સ્પર્ધામાં, શાળાના બધિર બાળકોએ ભાગ લીધો. આ સ્પર્ધા તા.૫/૪/૧૬ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરિયમમાં યોજાઈ હતી. જેમાં શાળાના બાળકોએ લોકનૃત્યમાં દ્વિતીય, નિબંધમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય તથા ગાયનમાં દ્વિતીય અને તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરી, રોકડ પુરસ્કાર મેળવ્યો હતો.

### ૬. ‘કૃષ્ણલીલા’ ને રોકડ પુરસ્કાર :-

તા.૨૯/૩/૧૬ ના રોજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ ગાંધીનગર દ્વારા, શામળાજી ખાતે “શામળાજી ઉત્સવ” યોજાયેલ. બે દિવસ માટે યોજાયેલ આ કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં, આપણી શાળાની કૃતિ “કૃષ્ણલીલા” રજૂ થયેલ. હાજર રહેલ વિશાળ દર્શકવર્ગે, ઉભા થઈને

કૃતિનું બહેમાન કરેલ તેમજ રૂા.૩૦,૦૦૦/- નો રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

## ૭. "વર્લ્ડ ઓટિઝમ ડે" :-

તા.૨/૪/૧૬ નો દિવસ "વર્લ્ડ ઓટિઝમ ડે" તરીકે ઉજવાય છે. "નટરાજ રિસર્ચ સેન્ટર" સ્થિત, સેરીબ્રલ પાલ્સી સ્કૂલમાં, આ દિવસની ઉજવણી કરવામાં આવી. જેના સાંસ્કૃતિક કાર્યક્રમમાં આપણી શાળાના બાળકોએ **'ફ્યુઝન ફોક'** ની કૃતિ રજૂ કરી, મહેમાનોના દિલ જીતી લીધાં હતાં.

## ૮. નિઃશુલ્ક વિકલાંગ કેમ્પ :-

"ન્યુકિલયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ" ના મીઠી વીરડી અણુવીજ પ્રોજેકટ અંતર્ગત, **અપંગ નિદાન શિબિર અને વિકલાંગોને જરૂરી સાધન સહાય શિબિર, નિઃશુલ્ક વિકલાંગ કેમ્પ**માં એલિમ્કોની નિષ્ણાંત ટીમ દ્વારા, પરીક્ષણ શિબિર યોજાઈ. તેમજ પરીક્ષણ બાદ શ્રી સંકેતકુમાર રાઓત (પી. એન્ડ ઓ.ઓફિસર, જબલપુર, એલિમ્કો) ના વિશેષ પ્રયત્નો બાદ, શાળાના ૧૬૨ બાળકોને સારી ગુણવત્તાવાળા બી.ટી.ઈ. શ્રવણયંત્રો આપવામાં આવેલ. સંસ્થા તેમનો આભાર માને છે.

## ૯. માતાઓનું તાલિમ કેન્દ્ર :-

તા.૨/૪/૧૬ ના રોજ રોટરી કલબ નડિયાદની શ્રી એસ.જી. બ્રહ્મભટ્ટ બધિર શાળામાં,"કુસુમ રીહેબિલિટેશન સેન્ટર" નું એક સંલગ્નિત કેન્દ્ર (માતાઓનું તાલિમ કેન્દ્ર) શરૂ કરવાના હેતુસર, ત્યાંના વાલીઓના કાઉન્સેલિંગ માટે આચાર્ય શ્રી ઈલાબેન મજમુદાર અને શિક્ષક શ્રી દક્ષાબેન સવજીયાણી નડિયાદ ગયા હતાં. શ્રી ઈલાબેને આપણી શાળા અને તેની દરેક પ્રવૃત્તિઓ તથા મધર્સ ટ્રેનિંગનું મહત્વ સમજાવ્યું હતું અને પોતાના અનુભવો કહયાં હતાં. ત્યાંના વાલીઓ ટ્રેનિંગ માટે ખૂબ ઉત્સાહી હતાં. ત્યાંના મંત્રીશ્રી, આચાર્ય તથા વાલીઓ તરફથી સારો પ્રતિસાદ સાંપડયો હતો.

## ૧૦. શિક્ષકોની મિટિંગ :-

શાળામાં દર બુધવારે શિક્ષકોની મિટિંગ થાય છે. જેમાં અવાર-નવાર વિવિધ ક્ષેત્રોમાં નિપુણ તજજ્ઞોના જ્ઞાનનો લાભ મળતો રહે છે. તા.૬/૪/૧૬ ના બુધવારે સૌરાષ્ટ્રના એકમાત્ર સ્ત્રી સાઈકિયાટ્રિક શ્રી રાધિકાબેન મુખર્જીએ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા, **"સ્ટ્રેસ મેનેજમેન્ટ તથા બાળવર્તન સંબંધી માહિતી તથા તેવા વર્તનો સમયે વાલીના પ્રતિભાવ"** અંગે સુંદર માર્ગદર્શન પુરું પાડયું હતું.

## ૧૧. શૈક્ષણિક પ્રવાસ :-

તા.૧૪/૩/૧૬ થી ૧૭/૩/૧૬ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ તરફથી, શૈક્ષણિક પ્રવાસનું આયોજન મુંબઈ ખાતે થયેલ. પ્રવાસમાં કોલેજના કો-ઓર્ડિનેટર શ્રી સંતોષભાઈ યાદવ સાથે શ્રી સોમક્રિષ્નભાઈ, શ્રી નિતીનભાઈ, શાળાના બે શિક્ષિકા શ્રી મુકતાબેન વાળા, શ્રી જયોતિબેન બારૈયા સાથે, ૨૮ તાલિમાર્થી ગયેલ. મુંબઈમાં આવેલ, એ.વાય.જે.એન.આઈ.એચ.એચ., સેવ ધ ચિલ્ડ્રન, રોચી રામધાનાણી હાઈસ્કૂલ, પ્રગતિ વિદ્યાલય, સ્ટિફન હાઈસ્કૂલ, શ્રુતિ સ્કૂલ, ઉત્કર્ષ મંડળ, દિશા વિદ્યાલય, આ ૮ શાળાની મુલાકાત લીધેલ. દરેક શાળાની શૈક્ષણિક તથા વોકેશનલ પ્રવૃત્તિનું અવલોકન કરેલ.

## ૧૨. નડિયાદ ખાતે મિટિંગ :-

રોટરી કલબ નડિયાદ સમાજ સેવા અને સંશોધન ટ્રસ્ટ સંચાલિત, શ્રી એસ.જી. બ્રહ્મભટ્ટ બધિર વિદ્યા વિહાર ખાતે, એક મિટિંગનું આયોજન થયેલ. આ મિટિંગનો ઉમદા હેતુ, બધિર બાળકોના વિકાસ માટેનો હતો. જેમાં બધિર બાળકોને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે, શિક્ષણની ગુણવત્તા માટે, વિવિધ સંસ્થાના વહિવટ અને શિક્ષણ સાથે સંકળાયેલી વ્યકિતઓએ સાથે મળીને ચર્ચા-વિચારણા કરેલ. આ મિટિંગમાં ભાગ લેવા માટે આપણી શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી મૃદુલાબેન દેસાઈ, શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી તથા શ્રી ઈલાબેન મજમુદાર ગયેલ.

## ૧૩. મહા અન્નદાન :



શ્રી ખીમચંદ લક્ષ્મીચંદ બહેરા-મૂંગા શાળા સંચાલિત, શ્રીમતી રશ્મિ મનહર સહાય નિધિ કોર્પસ ફંડનાં ૧૧૫ લાભાર્થીઓને, તા.૨૨.૦૫.૧૬ ના રોજ **મહા અન્નદાન**નું આયોજન, સંસ્થાના વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબહેન ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ. આ યોજનાના દરેક લાભાર્થીને ૫૦ કિ. ઘઉ, ૨૦ કિ. ચોખા, ૧૦ કિ. તુવેરદાળ, ૫ કિ. ચણાદાળ, ૫ કિ. મગદાળ, ૧૫ કિ. ખાંડ, ૧૫ કિ. તેલ, ૨ કિ. ગોળ, ૧ કિ. મરચું, ૧ કિ. હળદર, ૧ કી. ધાણાજીરું, ૧ કી. રાય, ૫૦૦ ગ્રામ જીરુ, ૨૫૦ ગ્રામ હિંગ, નહાવાના સાબુ નંગ-૧૨, કપડા ધોવાના સાબુ નંગ-૧૨, ૨ કિ. ડિટર્જન્ટ પાવડર અને ૧ નંગ ટુથપેસ્ટ (૨૦૦ ગ્રામ) આપવામાં આવેલ. આમ આ **મહા અન્નદાન**માં કુલ રુ. સાડા

સાત લાખની જીવન જરુરિયાતની વસ્તુઓ તથા અનાજ અપાયેલ. સંસ્થાના દાતાશ્રી ઈન્દુભાઈ આર. શાહ તરફથી, ૨૪ કુટુંબોને અનાજ માટે રુ. ૨.૦૦ લાખનુ માતબર દાન મળેલ છે. હાલની કારમી મોંઘવારીમાં ઓછી આવક ધરાવનાર બહેરા-મૂંગા દિવ્યાંગ વ્યકિતઓને મળેલ રુ. સાડા સાત લાખ જેટલી રકમના અનાજ તથા જીવન જરુરિયાતની વસ્તુથી, તેઓએ ઘણી રાહત અનુભવી. આ મહા અન્નદાનમાં રાજવી પરિવારના શ્રીમતી મમતાબા રાઓલ, શ્રી સંતોષભાઈ કામદાર (મીઠા વાળા) શ્રી કમલેશભાઈ શેઠ (શેઠ બ્રધર્સ) ની પ્રેરક હાજરી રહી. સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહે પ્રસંગોચિત પ્રેરક ઉદ્‌બોધન કરેલ. મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી અનંતભાઈ એ. શાહ, શ્રી મહાસુખભાઈ ઝકડિયા, શ્રી અમીતભાઈ શાહ, શ્રી પ્રજ્ઞાબહેન ત્રિવેદી, સૌએ આ ઉપસ્થિત રહી પ્રસંગને દિપાવ્યો હતો.

## ૧૪. બહેરા-મૂંગા બાળકોનો કચ્છ પ્રવાસ :-



સંસ્થાનાં વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીનાં પ્રયત્નથી, શાળાના ધોરણ-૬ થી ૧૨ ના ૨૦૦ બહેરા-મૂંગા વિદ્યાર્થીઓ માટે કચ્છ પ્રવાસનું આયોજન કરાયેલ. જેમાં અંજાર, માંડવી, નારાયણ સરોવર, કોટેશ્વર, ભૂજ, સફેદ રણ, અંબેધામ, ચોટિલા, નરીયા મહાદેવ તથા સાળંગપુર, તા.૨૪.૦૪.૧૬ થી તા.૨૭.૦૪.૧૬ સુધી ૪ દિવસનો પ્રવાસ યોજાયેલ. બધાં બાળકોએ જોવાલાયક સ્થળોનો આનંદ માણેલ. ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ, તેનો ઈતિહાસ પણ જાણેલ. માંડવી દરિયા કાંઠે ઊંટની સવારીનો પણ અનુભવ માણેલ. આ પ્રવાસમાં ગૃહમાતા હેતલબેન પારેખ, જયશ્રીબેન જાની, યુવરાજસિંહ રાણા, કીર્તિદેવસિંહ, વિરેન્દ્રસિંહ, ભરતભાઈ, જયોતિબેન બારૈયા, શ્યામાબેન, ફાલ્ગુનીબેન મકવાણા, વગેરે સૌએ ખૂબ સાથ સહકાર આપેલ. દરેક માટે કચ્છ પ્રવાસ ખૂબ યાદગાર બન્યો.

## ૧૫. "સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી મેડિકલ વાન ભેટ મળી" :-

**કોર્પોરેટ સોસિયલ રિસ્પોન્સીબિલિટિ** હેઠળ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી, શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટને એક મેડિકલ વાન, સંસ્થાના પ્રમુખશ્રી ગિરીશભાઈ શાહના




પ્રયત્નથી ડોનેટ કરવામાં આવી હતી. આ મેડિકલ વાનની અર્પણવિધિ, અમદાવાદ લાલ દરવાજા ખાતેની, એસ.બી.આઈ. હેડ ઓફિસમાં તા.૦૭.૦૫.૨૦૧૬ ના રોજ એસ.બી.આઈ. ના મેનેજીંગ ડાયરેકટર શ્રી રજનીશકુમારના વરદ્ હસ્તે, બેન્કનાં અધિકારીઓની હાજરીમાં કરવામાં આવી હતી. સંસ્થા તરફથી આ મેડિકલ વાનની ચાવી, સંસ્થાના માનદ્ કોષાધ્યક્ષ શ્રી જીતુભાઈ શાહે સ્વીકારી હતી. સંસ્થાની પ્રવૃત્તિ વિષે શ્રી જીતુભાઈ શાહે વિસ્તૃત અહેવાલ આપ્યો હતો. જેમાં ભારતભરમાં કૃત્રિમ હાથ-પગના કેમ્પ વિષે અને શ્રવણમંદ વ્યકિતઓને શ્રવણયંત્ર વિષેની માહિતીથી, એમ.ડી.શ્રી રજનીશકુમાર અને અન્ય અધિકારીઓ ખૂબજ પ્રભાવિત થયાં હતાં. શ્રી જીતુભાઈએ સંસ્થા વતી એમ.ડી. અને અન્ય અધિકારીઓને સંસ્થાની મુલાકાત માટે આમંત્રણ પાઠવ્યું હતું. આ પ્રસંગે ભાવનગર કૃષ્ણનગર બ્રાન્ચનાં બ્રાન્ચ મેનેજરશ્રી બિનોદકુમાર સિંહાએ હાજરી આપી હતી.

## ૧૬. "બહેરા-મૂંગા શાળા સંચાલક મંડળની મિટીંગ નડીયાદ ખાતે મળી" :-


શ્રી અશ્વિનભાઈ પંડયા

તા.૨૧/૪/૧૬ ના રોજ નડિયાદની બહેરા-મૂંગા શાળાના યજમાનપદે, ગુજરાતની બહેરા-મૂંગા શાળાના સંચાલકોની એક મિટિંગ મળી ગઈ. આ મિટીંગમાં સરકારનું વિકલાંગો પ્રત્યેનું ઉદાસીન વલણ, તેમજ મળવાપાત્ર ગ્રાન્ટની અવાર-નવાર કપાત, તેમજ ખાલી જગ્યાઓ ભરવામાં થતી વિલંબ, જેવી મહત્વની બાબતોની ચર્ચા કરવામાં આવી હતી. આ બાબતોની સંગઠિત રીતે રજુઆત થઈ શકે તે માટે, **"અખિલ ગુજરાત બહેરા-મૂંગા શાળા સંચાલક મંડળ"** ની સ્થાપના કરવામાં આવી હતી. ખી.લ. બહેરા-મૂંગા શાળાના માનદ્ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાની મંડળના ઉપ પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે નડિયાદના શ્રી ડૉ. જે.સી. પટેલ અને મંત્રી તરીકે વડોદરાના શ્રી હેમાબહેન કાલેની વરણી પણ કરવામાં આવી હતી. શ્રી અશ્વિનભાઈને અભિનંદન.



# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી



## ‘અંકુર’ મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### ૧. મુંબઈ પ્રવાસ :-



તા.૩/૨/૧૬ થી ૭/૨/૧૬ દરમ્યાન પી.એન.આર. સોસાયટીની વિવિધ સંસ્થાઓના બાળકોનો મુંબઈ ખાતે પ્રવાસ યોજાયેલ. જેમાં આપણી સંસ્થાના કુલ ૨૩ બાળકો તથા ૬ સ્ટાફ મિત્રોએ ભાગ લીધેલ.

### ૨. રોડનું ખાતમૂહુર્ત :-



તા.૬/૨/૧૬ ના રોજ શાળાની બહારના રોડનું ખાતમૂહુર્ત યોજવામાં આવેલ. આ પ્રસંગે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરશ્રી નિમુબેન બાંભણીયા, સરદારનગર વોર્ડના કોર્પોરેટરશ્રીઓ, તેમજ સંસ્થાના તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહેલ. વિશેષમાં શાળાના ઓ.એસ. શ્રી પ્રમોદભાઈ ગાંધીએ આ રોડની મંજુરી માટે સરાહનીય કામગીરી બજાવેલ.

### ૩. ગાંધીનગર ખાતે પ્રવાસનું આયોજન :-

તા.૩/૩/૧૬ના રોજ ભાવનગર પૂર્વના ધારાસભ્ય




શ્રી વિભાવરીબેન દવેના પ્રયત્નોથી, શાળાના કુલ ૬૮ બાળકો તથા સ્ટાફે, ગુજરાત વિધાનસભા ભવન તેમજ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલની રૂબરૂ મુલાકાત લીધેલ તથા દાંડી કુટિરની મુલાકાત લીધેલ.

### ૪. રંગોલી હોટલ વરતેજ ખાતે પ્રવાસ :-



તા.૭/૪/૧૬ ના રોજ વરતેજ સ્થિત હોટલ રંગોલી ખાતે, શાળાના બાળકો તથા સ્ટાફનો એક પ્રવાસ યોજાયેલ. જેમાં કુલ ૧૨૦ બાળકો તથા ૩૨ સ્ટાફ મિત્રોએ ભાગ લીધેલ. આ પ્રવાસ દરમ્યાન બાળકોએ ત્યાં ઉપલબ્ધ વિવિધ રાઈડસનો ખુબજ આનંદ માણેલ તથા અતિ સુંદર ભોજનનો સ્વાદ માણેલ.

### ૫. ધુળેટી પર્વની ઉજવણી :-

તા.૨૨/૩/૧૬ ના રોજ સંસ્થાના કોમ્યુનિટી હોલમાં રંગોત્સવની ઉજવણી કરાયેલ તથા ડીજે ધુન ઉપર ડાન્સ કરી ખુબજ આનંદ મેળવેલ.

## ૬. વાર્ષિક વાલી મિટિંગ :-




તા. ૨૩/૪/૧૬ ના રોજ શાળાની વાર્ષિક વાલી મિટિંગનું આયોજન કરવામાં આવેલ. તેમજ બાળકોનો પ્રગતિ અહેવાલ આપવામાં આવેલ, સાથો સાથ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિવિધ થેરાપીઓમાં મેળવેલ સિધ્ધિઓ, તેમજ સ્કૂલની વિવિધ એક્ટિવિટીઓ વિશે માહિતી આપવામાં આવેલ. તેમજ આચાર્યશ્રી મેઘજીખાન દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન થયેલ મુખ્ય પ્રવૃત્તિ અંગેની વાત કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં માનદ્‌મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, તેમજ માનદ્ ટ્રેઝરર શ્રી વિનુભાઈ હકાણી ઉપસ્થિત રહેલ. સાથો-સાથ બેંક વર્કસ એસોસિએશનના સભ્યો પણ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે બેંક વર્કસ એસોસિએશન તરફથી રૂા. ૨૧,૦૦૦/- યુનિફોર્મ માટે અનુદાન આપવામાં આવેલ.

# નટરાજ સી.પી. સ્કૂલનું ગૌરવ શ્રી ખેવનાબેન ઓઝા

ભાવનગર શહેરની વિકલાંગ બાળકોની સી.પી. સ્કૂલના વિશિષ્ટ શિક્ષક શ્રી ખેવનાબેન ઓઝા, જેઓ એ તાજેતરમાં **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી** દ્વારા લેવાયેલ **સ્પેશ્યલ બી.એડ.** (H.I.) માં સમગ્ર **યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન** પ્રાપ્ત કરેલ છે. આથી યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં ગત તા.૩/૫/ ૨૦૧૬ના રોજ ગુજરાત રાજયના મહામહિમ ગવર્નર શ્રી ઓમપ્રકાશ કોહલી સાહેબના વરદ હસ્તે ગોલ્ડ મેડલ મેળવેલ છે.

આ પ્રસંગે ગુજરાત સરકારના શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા ભાગવત આચાર્ય શ્રી રમેશભાઈ ઓઝાની ખાસ ઉપસ્થિતિમાં **શ્રી ખેવનાબેન ઓઝા**ને સન્માનિત કરવામાં આવેલ. તેઓ સી.પી. બાળકોની શાળામાં વિશિષ્ટ શિક્ષક તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે. તેઓને અભિનંદન સાથે ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના...




શ્રી ખેવનાબેન ઓઝાને અભિનંદન

# પી.એન.આર. સોસાયટી દ્વારા ઈનામ વિતરણ

શ્રી પી.એન.આર. સોસાયટી, ભાવનગરના કર્મચારીઓના સંતાનોને શૈક્ષણિક ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા દર વર્ષની જેમ ઈનામ વિતરણ તથા બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, ફેમિલી ફોરમના ઉપક્રમે આગામી તા. ૩ જૂલાઈ, ૨૦૧૬ રવિવાર સાંજના ૬ કલાકે નટરાજ કોલેજ ખાતે યોજાનાર છે, જેમાં વિદ્યાર્થી કલાકારો પોતાની કૃતિ રજૂ કરશે.

## અપીલ

## "કોશિશ થી કામયાબી"ના વાચકોને નમ્ર અપીલ

અમારી સંસ્થા દ્વારા,"કોશિશ થી કામયાબી" મુખપત્રમાં, વિકલાંગોના પુનઃસ્થાપન, શિક્ષણ, સારવારમાં ઉપયોગી માહિતી છેલ્લાં ૫૦ વર્ષથી પ્રકાશિત કરવામાં આવે છે.

આ મુખપત્ર દ્વારા વિકલાંગો, સંસ્થાના શુભેચ્છકો અને દાતાઓને સંસ્થાની પ્રવૃત્તિની માહિતી મળતી રહે છે. આમ, આ મુખપત્ર સંસ્થા અને શુભેચ્છકો વચ્ચે સેતુ છે. તેમાં પ્રકાશિત થતી વિગતો આપના જેવા શુભેચ્છકો વાંચે છે, વિચારે છે અને પ્રતિભાવ આપે છે, તે સંસ્થા માટે ગૌરવની વાત છે.

છેલ્લાં ર વર્ષથી આ મુખપત્ર દર માસે નિયમિત પ્રકાશિત કરવામાં આવી રહયું હોઈ, તેના પ્રિન્ટીંગ, પોસ્ટેજ ખર્ચમાં પણ ખૂબ જ વધારો થયો છે. આ ખર્ચને પહોંચી વળવા માટે, નીચેની વિગતે મેમ્બર બની સહયોગ આપવા આપને વિનંતી છે.

ચેક થી સહાય મોકલવા માટે : **Shah K.L. Institute For The Deaf-Bhavnagar** ના નામનો ચેક લખવા વિનંતી છે. મેમ્બરશીપની રકમ સીધી બેંક એકાઉન્ટમાં જમા કરાવવા માટે :

**Bank A/c. No. : 56009006430**
**IFSC Code : SBIN0060009**
**Bank : State Bank Of India, Krishnanagar Branch, Bhavnagar.**

આભાર સહ.

**- અનંત કે. શાહ (બાબાભાઈ)**
તંત્રી

## અપીલનો પ્રતિસાદ

આપણી સંસ્થાના મુખપત્ર **"કોશિશ થી કામયાબી"** ના વાંચકોને કરેલ અપીલના પ્રતિસાદમાં, નિમ્નલિખીત મહાનુભાવોએ મેમ્બર બની પ્રતિસાદ આપેલ છે.લવાજમના રૂપમાં સહાય કરેલ છે. સંસ્થા તેઓની આભારી છે.

### પેટ્રન

| ક્રમ | નામ | રૂપિયા |
|---|---|---|
| ૧. | શ્રી સુરેશભાઈ હરીચંદ્રભાઈ મહેતા-કોલ્હાપુર | ૫૦૦૦ |

### લાઈફ મેમ્બર

| ક્રમ | નામ | રૂપિયા |
|---|---|---|
| ૧. | શ્રી વામનરાય વૃજલાલ પારેખ-મુંબઈ | ૨૫૦૦ |
| ૨. | શ્રી પ્રવિણચંદ્ર મણીલાલ શાહ-મુંબઈ | ૨૫૦૦ |
| ૩. | શ્રી મનોહર મ્યુઝિકલ-પાલિતાણા | ૨૫૦૦ |
| ૪. | શ્રી રત્નાનિધિ ચેરીટેબલ ટ્રસ્ટ-મુંબઈ | ૨૫૦૦ |
| ૫. | શ્રી પ્રવિણભાઈ સી. શાહ-સુરેન્દ્રનગર | ૨૫૦૦ |
| ૬. | શ્રી પ્રવિણાબેન પ્રવિણચંદ્ર કારવત-બરોડા | ૨૫૦૦ |

### સપોર્ટ મેમ્બર

| ક્રમ | નામ | રૂપિયા |
|---|---|---|
| ૧. | શ્રી ચંપાબેન આર. ત્રિવેદી-મુંબઈ | ૧૦૦૦ |
| ૨. | શ્રી માનસી | ૧૦૦૦ |
| ૩. | શ્રીમતી હેમલતાબેન વિનોદભાઈ શાહ | ૧૦૦૦ |
| ૪. | શ્રી મેકવાન થેરશ્યાબેન એસ. - નડિયાદ | ૧૦૦૦ |
| ૫. | શ્રી હાર્દિકભાઈ ભરતભાઈ સોમાણી-ભાવનગર | ૧૦૦૦ |

## મહેફિલ

વિતેલા દિવસો પાછા નહીં આવે,
સમયની કિંમત સમજતા થઈએ... !
"વાંક મારો હતો કે તારો",
એ વાત ને હવે ભૂલતા થઈએ... !
અરસપરસ થોડું સહન કરી લઈને,
ચાલો સંબંધો સાચવતા થઈએ... !
માત્ર આજ આપણને મળી છે,
કાલની કોઈ ને ખબર કયાં ?
ચિંતાની ગાંઠ બાજુએ મૂકી,
ચાલ હરપળમાં જીવતાં થઈએ... !
નમીએ, ખમીએ, એકબીજાને ગમીએ,
અને સુખ-દુઃખમાં એકબીજાને સહીએ,
"તમે ફિકર ના કરો અમે છઈએ",
આજે એક નવો સંકલ્પ લઈએ,
એકબીજાની અદેખાઈ, સ્પર્ધા તજીએ,
એકબીજાનાં પુરક બનીએ,
ચાલો થોડું માણસ થઈને જીવીએ... !

### સૌજન્ય

**શ્રી નટવરભાઈ દેસાઈ**
ચેરમેન
પી.એન.આર. સોસાયટી
ભાવનગર

# અમો ઋણી છીએ દાતાઓના

**૧ એપ્રિલ - ૨૦૧૬ થી ૩૧ મે - ૨૦૧૬ સુધી**
**રૂ. ૧૦૦૦ કે તેથી વધારે મળેલ રકમની દાનની યાદી**

## P. N. R. SOCIETY

### (35 A.C.)

| | |
|---|---|
| Shri Girish Gopaldas Sanghavi - Bhavnagar | 21000 |
| Shri Nirmalaben Kantilal Mehta - Bhavnagar | 100000 |
| M/S Advent Dyestuffs & Chemicals Pvt. Ltd - Mumbai | 300000 |
| Shri Purnima G.kapadia - Mumbai | 300000 |
| Shri Devanganaben J.desai - Mumbai | 100000 |
| Shri Shashikant Ratilal Vadhar - Bhavnagar | 27000 |
| Shri Estate Of Late Anupamaben Ahemadali Kapasi - Bhavnagar | 600000 |
| M/S Vd Global Pvt Ltd - Mumbai | 100000 |
| Shri Nirav K. Bhuta - Mumbai | 20000 |
| Shri Hasmukhbhai S. Parikh - Mumbai | 150,000 |

### (80-G)

| | |
|---|---|
| B. K. Parekh Parkinson's Disease & Movement Disorder - Mahuva | 33000 |
| Madgavkar Trust - Mumbai | 50000 |
| Shri Rasilaben Harsukhlal Bapulal Shah Mem.cha.trust - Mumabi | 27000 |
| Shri Kantilal K Sanghvi - Bhavanagr | 1100 |

## K. L. INSTITUTE FOR THE DEAF

### (80-G)

| | |
|---|---|
| Shri Natwarlal Gordhandas Mehta - Ahmedabad | 2930 |
| Shri Apurvabhai Mahadevbhai Joshi - Mumbai | 2500 |
| Shri Jaybhai Gohil - Bhavnagar | 4500 |
| Shri Kailashben Arunbhai Rathod - Bhavnagar | 7000 |
| Shri Arunbhai Kanjibhai Rathod - Bhavnagar | 7000 |
| Shri Mahendrabhai Arunbhai Rathod - Bhavnagar | 7000 |
| Dr.Shri Jaswantray Gokaldas Parekh - Navsari | 2000 |
| Lt.Arunaben Subodhbhai Mehta - Bhavnagar | 5100 |
| Shri Jatinbhai Bipinbhai Savani - Bhavnagar | 7000 |
| Shri Bipinbhai Mavjibhai Savani - Bhavnagar | 2500 |
| Shri Pranavbhai Y Mehta - Bhavnagar | 3000 |
| Lt.Nishithbhai Piyushbhai Shah - Mumbai | 25000 |
| M/S Sujan Charity Trust - Mumbai | 100000 |
| Shri Kantilal H Prajapati - Surat | 4000 |
| Shri Raxaben Dave - Bhavnagar | 1000 |
| Shri Ranjeetsinh Indubha Jadeja - Bhavnagar | 4000 |
| Shri Jiteshbhai Nanjibhai Dhameliya - Bhavnagar | 7000 |
| Shri Ek Sadgrastha - Bhavnagar | 5100 |
| Shri Bhanumatiben Balkrushnbhai Bhatt-Mumbai | 5000 |
| Shri Bhanumatiben Balkrushnbhai Bhatt-Mumbai | 5000 |
| Surajba Charitable Trust - Mumbai | 2500000 |
| Shri Abhishek B Shah & Saloni G Shah-Mumbai | 5000 |
| Shri Ajaybhai Doshi - Bhavnagar | 10000 |
| Shri Mansukhbhai C Mehta - Mumbai | 3000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

### (80-G)


| | |
|---|---|
| Shri Gigabhai Nathu CharitableTrust - Mumbai | 150000 |
| Shri Nishith Piyushbhai Shah - Mumbai | 27000 |
| Shri Harshaben Girishbhai Sanghavi - Bhavnagar | 25000 |
| Shri Gujarat Bank Workers Union - Rajkot | 21000 |
| Shri Shriji Industries - Mumbai | 15000 |
| Shri Kalindiben Parekh - Banglore | 5000 |
| Late Yoginiben & Late Ramyketu M. Maheta - Bhavnagar | 5000 |
| Shri K.P.S. Academic - Bhavnagar | 2000 |
| Shri Dakshaben Pandya - Bhavnagar | 1100 |
| Shri Mahendrabhai Shah - Bhavnagar | 1001 |
| Shri Yogeshbhai Desai - Bhavnagar | 1000 |

## શાળાના ગ્રંથપાલ શ્રી ચેતનાબેનને અભિનંદન



શ્રી ખી.લ.બહેરાં મૂંગા શાળાના ગ્રંથપાલશ્રી ચેતનાબેન મૂલાણીએ, તાજેતરમાં તા. ૮ થી ૧૩ ફેબ્રુઆરી-૨૦૧૬ના રોજ ગાંધીનગર ખાતે, ગ્રંથાલયના ડિજીટીલાયઝેશન માટે, સોફ્ટવેર માટેની તાલિમ સફળતાપૂર્વક પૂર્ણ કરી, સર્ટિફિકેટ પ્રાપ્ત કરેલ છે. આ ગ્રંથાલય બધિર શિક્ષણ તથા વિવિધ અપંગતાના ક્ષેત્રે, વિશિષ્ટ ૭૦૦૦ જેટલા પ્રકાશનો, ૧૭ જેટલા મેગેઝિન, બેક વોલ્યુમ, વાર્ષિક અહેવાલો તથા ન્યુઝપેપરનો, અમૂલ્ય માહિતી સભર સંગ્રહ ધરાવે છે. પી.એન.આર. સંલગ્નિત સંસ્થાઓના સ્ટાફ, ટ્રસ્ટી પરિવારોને ગ્રંથાલય માહિતી સેવા આપે છે. ગ્રંથાલય સંગ્રહનું ડિજીટીલાયઝેશન થયા બાદ, ઉપરોક્ત સેવાઓ વધુ સરળતાથી અને ઝડપી આપી શકાશે તથા બધિરોના શિક્ષણમાં, વિશિષ્ટ શિક્ષકો તથા નિષ્ણાંતોને અમૂલ્ય માહિતી ઝડપથી ઉપલબ્ધ થશે.

આહલાદક સુગંધ
વાતાવરણમાં લાવે રંગત...
તાલ મિલાવે પરસ્પરના સબંધની સંગત...
તન મન ઝુમી ઉઠે... હર પળ બને મંગલ...




मजा अगरबत्ती

करोड़पती अगरबत्ती

સિલ્વર પેકમાં डेनिम Flora

SANDAL Agarbatti

डेनिम अगरबत्ती

...ઉત્પાદક... **શશી ઈન્ડસ્ટ્રીઝ** ભાવનગર–અમદાવાદ–બેંગ્લોર
email:shashiho@sancharnet.in

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils.com